શ્રીસ્વામિનારાયણ મંદિર
કારેલીબાગ, વડોદરાથી પ્રકાશિત મેગેઝિન



# સત્સંગ સેવક

મે-૨૦૨૫



શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરાથી પ્રકાશિત

# સત્સંગ સેવક

મે, ૨૦૨૫



શ્રીસ્વામિનારાયણ
ભગવાનનો
૨૪૪મો
પ્રાગટ્યોત્સવ









: આશીર્વાદ :

પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્ય
શ્રીરાકેશપ્રસાદજી મહારાજ-વડતાલધામ

: પ્રેરક :

પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી
સ્વામી-કુંડળધામ

# સત્સંગ સેવક


પ્રકાશક : શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરા તથા કુંડળધામ
વડોદરા-૧૮, મો.નં. ૯૬૦૧૨ ૯૦૦૦૫/૬

પ્રકાશન તિથિ : સં.૨૦૮૧ વૈશાખ સુદ-૮, તા.૦૫/૦૫/૨૦૨૫ સોમવાર

www.swaminarayanbhagwan.org
satsangsevak@kundaldham.org

9601290051 swaminarayan
swaminarayanbhagwan


# અનુક્રમણિકા


3 કલૌ સંઘે શક્તિ
- પ.પૂ.શ્રીગુરુજી

4 આત્માને સુખી કરવાનો સચોટ ઉપાય
- પ.પૂ.શ્રીગુરુજી

6 પ્રભુપ્રાપ્તિના ઉત્તમ ઉપાય શું ?
- સાધુ ઈશ્વરચરણદાસ

8 વાસ્તવિકતા
- સાધુ કૃષ્ણપ્રિયદાસ

9 હું હરિનો હરિ મમ રક્ષક
- સાધુ અનાદિસ્વરૂપદાસ

10 અમે કોઈનું લેણું રાખતા નથી...
- સાધુ સાકારસ્વરૂપદાસ

12 બીજા માટે કરવું તે મોટી ભેટ
- સાધુ વર્ણિવેષદાસ

14 આગળ કેમ વધાતું નથી ?
- સાધુ આત્મીયસ્વરૂપદાસ

16 મજબૂત મન
- સાધુ મૂર્તિસ્વરૂપદાસ

20 સત્સંગ સમાચાર


## સત્સંગ સુધા

જ્ઞાન તકલીફ બહારથી, આવે ત્યારે ધાય;
આંતરિક ઝઘડા તજીને, એક થઈ જાવું ચાય...૦૧

કરે ઉપાધિ બહારના, ત્યારે અંદર બધાય;
જ્ઞાન ઝટ નિજવેર ભૂલી, એક થાવ તો બચાય...૦૨

કાવ્યકૃપા

# કલૌ સંઘે શક્તિ





એકલા નહિ કરી શકો, અતિશય મોટું કામ;
સહુને સાથે રાખો તો, જ્ઞાન થશે જ તમામ...૦૧

એકબીજાના પૂરક બનો, હરીફ નહીં જ જ્ઞાન;
પૂરક માનો લાભ થશે, વ્યક્તિ બનશો મહાન...૦૨

પરને પાછા પાડવામાં, નથી સફળતા જ્ઞાન;
ખુદે આગળ જવામાં જ, બનાય સફળ મહાન...૦૩

જ્ઞાન કલૌ સંઘે શક્તિ, ભેળા થઈ કરો કામ;
અનેક ઘણું કામ થશે, મળશે વસ્તુ તમામ...૦૪

રચયિતા : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી-કુંડળધામ
તા.૬/૧૦/૨૦૨૪, કુંડળધામ

કથામૃતમ્ પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામીએ તા.૦૭/૦૯/૨૦૨૩ ને ગુરુવારના રોજ શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામમાં કરેલ મનનીય પ્રવચન



# આત્માને સુખી કરવાનો સચોટ ઉપાય

- પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી-કુંડળધામ

ભગવાન મહર્ષિ વેદવ્યાસ રચિત ગરુડ પુરાણના પૂર્વખંડમાં અધ્યાય ૨૩૦માં ૨૨ નંબરનો એક અદ્દ્ભુત શ્લોક છે.

**यन्मुहूर्तं क्षणं वाऽपि, वासुदेवो न चिन्त्यते।**
**सा हानिस्तन्महच्छिद्रं, सा भ्रान्तिः सा च विक्रिया।।**

કોઈ ક્ષણ વાર પણ ભગવાનને ભૂલી જાય છે, તો તે બહુ મોટી નુકશાની છે. તે બહુ મોટી ભૂલ ગણાય છે. તે મોટી ભ્રમણા અને વિકૃતિ છે.

ભગવાને ભારત ભૂમિમાં આવો મનુષ્ય અવતાર આપ્યો, આવો સત્સંગ આપ્યો; અને આપણે પરમાત્માનું સ્મરણ ન કરીએ તો બહુ મોટી નુકશાની ભોગવી રહ્યા છીએ. એ આપણી જિંદગીમાં દુઃખી થવા માટેની બહુ મોટી પોલ છે, બહુ મોટું છિદ્ર છે. એ એક બહુ મોટી ભ્રાંતિ છે, ભ્રમણા છે, ભાન ભૂલેલાપણું છે. આપણે બહુ ખોટી ક્રિયા કરી રહ્યા છીએ. આપણે ભગવાનને ભૂલી જઈએ છીએ; એ જ મોટામાં મોટી ભૂલ, મોટામાં મોટી નુકશાની, મોટામાં મોટી મૂર્ખામી, મોટામાં મોટું ગાંડપણ, મોટામાં મોટો સનેપાત-ચિત્તભ્રમ છે.

**विपदो नैव विपदः संपदो नैव संपदः।**
**विपद्विस्मरणं विष्णोः संपन्नारायणस्मृतिः।।**

આપણે જેને વિપત્તિ માની છે તે વિપત્તિ નથી. આપણે જેને સંપત્તિ, સુખ, શાંતિ માની છે; તે ખરેખર સુખ, શાંતિ નથી. ભગવાનને ભૂલી જઈએ, એ જ મોટામાં મોટી વિપત્તિ છે અને ભગવાનની સ્મૃતિ ચાલુ રહે એ જ સાચી સંપત્તિ છે.

હનુમાનજી દાદા કહે છે કે : **कह हनुमंत बिपत्ति प्रभु सोई, जब तव सुमिरन भजन न होई ।**

હે પ્રભુ ! એ જ વિપત્તિ કહેવાય કે, જેમાં તમારું સ્મરણ-ભજન ન થાય.

શાસ્ત્રકારોએ ભગવાનની સતત સ્મૃતિ રાખવા ઉપર આટલું બધું વજન આપ્યું છે. આ વાત આપણા અંતરમાં ચોંટી જવી જોઈએ. એ ભુલાવું જ ન જોઈએ કે, મારો અવતાર ભગવાન સંભારવા માટે છે. ભગવાન ભૂલવા એના જેવું કોઈ પાપ નહિ, ભગવાન સંભારવા જેવું કોઈ પુણ્ય નહીં. ભગવાન ભૂલી જવા જેવી કોઈ અધોગતિ નહિ, ભગવાન સંભારવા જેવી કોઈ ઊર્ધ્વગતિ નહીં. ભગવાનનું સ્મરણ કરીએ એમાં સુખ, સુખ ને સુખ જ છે.

ભોળાનાથ સતીને માનસમાં કહે છે :

**उमा कहउँ मैं अनुभव अपना,**
**सत हरिभजन जगत सब सपना ।।**

આ જિંદગી એક સ્વપ્નું છે. જેટલું ભજન થશે એટલું સાથે આવશે અને સુખ દેશે. બાકી ગમે એટલો રૂપિયો રળશું, મોટપ મેળવીશું, કહેવાતી ક્ષુલ્લક કળા, વિદ્યા, ગુણોમાં પારંગત થશું; પણ અંતે એ પૈકીનું આપણા હાથમાં કાંઈ નહિ રહે. આપણે આના પહેલાં ક્યાંક જન્મ્યા તો હોઈશું ને ? ત્યાંય આખી જિંદગી તૂટી મરીને કાંઈક તો કર્યું હશે ને ? મર્યા પછી એમાંનું કાંઈ આ જન્મમાં સાથે આવ્યું ? તો આ જન્મનું કાંઈ પછી સાથે આવવાનું છે ? માટે એ બધું અસત્ છે અને ભજન જ સત્ છે.

ભગવાનમાં જે આસક્તિ છે એ ગુણ છે અને ભગવાન સિવાય બીજે સુખબુદ્ધિ, આસક્તિ છે તે દોષ છે. ભગવાનમાં પ્રેમ એ આપણી ઉન્નતિ છે. ભગવાન સિવાય બીજે પ્રેમ, ખેંચાણ, સુખબુદ્ધિ, સારાપણાની ભાવના, સત્યપણાની ભાવના; એ આપણી અધોગતિ છે, ભ્રષ્ટબુદ્ધિ છે, અજ્ઞાનતા છે, મૂર્ખાઈ છે. આપણા હૃદયમાં ભગવાન સિવાય બીજે પ્રેમ થાય એ આત્માને થયેલો માયિક વિકાર કહેવાય. જો ધનમાં ખેંચાણ થાય તો લોભ કહેવાય, સ્ત્રીમાં ખેંચાણ થાય તો કામ કહેવાય, ખાવામાં ખેંચાણ થાય તો સ્વાદ કહેવાય.



ભગવાનમાં આપણું જોડાણ ન થતાં, આપણને આપણી અજ્ઞાનતા, આસક્તિ અને સુખબુદ્ધિ બીજે ખેંચી જાય, જોડી દે; એ જ આપણા માટે ભગવાન ભૂલાડનારી નબળાઈ, કસર, વાસના, દોષ, અજ્ઞાનતા, દેહાભિમાન અને આસક્તિ ! હવે એ બધી નબળાઈઓને કાઢ્યે પાર છે.

ઈચ્છે કોઈ સુખ અંતરે, તે સંભારે સુંદરશ્યામ;
જે સંભારે સુખ ઊપજે, વળી પામીએ પરમધામ.
જેમ રવિમંડળે જેમ રજની નહિ, શશીમંડળે નહિ તલ તાપ;
તેમ મૂર્તિ મહારાજની, હરણ સરવે સંતાપ.

પોતાના આત્માને સુખી કરી પરમધામ પામવાની વાટ પકડી લેવી હોય તો ભગવાનને અખંડ સંભારવા.

મંગલકારી ધરી મૂરતિ, હરિ આજ દેવા આનંદ;
એહ મૂરતિની સ્મૃતિએ, તર્યાં કંઈક જનનાં વૃંદ.
સુખનિધિ આ સંસારમાં, સહુ જન જાણો જરૂર;
મૂરતિ શ્રીમહારાજની, દૃઢ ધારવા જેવી ઉર.

આ વાત ગંભીરપણે ન વિચારીએ, જીવનમાં ન ઉતારીએ તો પાછળથી રોવા તૈયાર રહેવાનું રહેશે. માટે સૌએ ચેતી જઈને ભગવાનમાં જોડાઈ જાવું.

આપણા આદિગુરુ સદ્ગુરુવર્ય શ્રીગોપાળાનંદ સ્વામી એવું કહેતા હતા કે, નિરંતર ભગવાનનો સંબંધ રાખવો. પણ તેમાં જો કાંઈક અંતરાય આવે તોપણ તે અંતરાયનો રોક્યો રોકાય નહિ ને નિરંતર ભગવાનનું સમીપપણું રાખે એને ઉપાસના કહીએ. ભગવાન સાથે અખંડ જોડાયેલા રહેવું એનું નામ ઉપાસના.

**૧. ભગવાનમાં જ સુખ છે. ૨. ભગવાન જ મારા છે. ૩. ભગવાન શ્રીહરિ આદિ, અનાદિકાળથી મારી સાથે છે. ૪. હું આ શરીર નથી, હું આત્મા છું, મારે દિવ્ય, ચૈતન્ય, શાશ્વત એવા પરમાત્માને જ પામવું છે. એટલા માટે જ ભગવાને મને આ લોક રચીને આ શરીર રચી આપ્યું છે, કે જેના દ્વારા હું પરમાત્માની મૂર્તિ સિદ્ધ કરી શકું;** આટલી વાતનું અતિશય દૃઢીકરણ કરવું, ચિંતન-મનન કરવું અને એને માટે ભગવાનનો નિરંતર સંબંધ રાખવો. ભગવાનનો સંબંધ એટલે 'ભગવાન મારા છે, મારામાં છે, હાલ છે, છે, છે.' આવી અખંડ સ્મૃતિ આપણે રાખી શકતા નથી.

વહાલા ભક્તો ! આપણે જે આપણું નથી એને આપણું માની; આપણા જે છે એ પરમાત્માને સાવ ભૂલી ગયા છીએ. આપણે બીજા બધા સંબંધો છોડીને એક ભગવાનનો સંબંધ રાખવા રૂપી આપણું કર્તવ્ય બજાવવાની જરૂર છે.

# પ્રભુપ્રાપ્તિના ઉત્તમ ઉપાય શું ?

લેખક : સાધુ ઈશ્વરચરણદાસ ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

આપણે મુમુક્ષુ ભક્ત આત્માઓ છીએ. વર્ષોથી ભગવાનને માનીએ-ભજીએ છીએ. ઘણા તો જન્મોથી કે યુગોથી ભજતા હોઈશું; છતાં હજુ પુરુષોત્તમને પામી કેમ ન ગયા ? પ્રભુ આપણા ઉપર એટલા બધા રાજી કેમ ન થઈ ગયા કે વશ થઈ જાય.!!

ગઢપુરવાસી દાદાખાચર-જસુબા, લાડુબા-જીવુબા અને ગોપાળાનંદ સ્વામી-મુક્તાનંદ સ્વામી તો પ્રભુને અત્યંત વહાલા બની ગયાં હતાં. એમનું એવું શું રહસ્ય છે કે તેમને વાલમજી વશ થઈ ગયા ?

વહાલા ભક્તો ! તેના માટે ૩ બાબતો અતિ જરૂરી છે – (૧) અનન્ય નિષ્ઠા-પૂરો વિશ્વાસ (૨) સાચો પ્રેમ-અંતરની ગરજ (૩) નિષ્કામ ભક્તિ-નિઃસ્વાર્થ સેવા-સત્સંગ. જેમ એક બાળક હોય તે ભૂખ્યું કે બીમાર થાય ત્યારે ગમે તે વ્યક્તિ પાસે મદદ માંગે તો મળે કે ન પણ મળે, પરંતુ તે જેનો સંપૂર્ણ સ્વીકાર કરી વિશ્વાસ રાખતો હોય એવાં તેનાં મા-બાપ પાસે જઈ જે જે જરૂરી હોય તે માંગે તો ? અવશ્ય મળે. અરે ! તેનાં મા-બાપ તેનું બધું જ સામેથી ધ્યાન રાખે; એમ આપણે આપણા બાપ જેવા પ્રભુની અને મા સમા સદ્‌ગુરુની અનન્ય નિષ્ઠા રાખી તેના જ થઈને રહીએ તો તરત કામ થાય. આપણી સેવા, ભક્તિ અને પ્રાર્થનામાં અનન્ય નિષ્ઠા અતિ આવશ્યક છે. એક જ જગ્યાએ નિષ્ઠા રાખી વર્ષો સુધી તેના થઈને રહીએ તો તે જ આપણને એના જેવા સુખી કરે છે.

જેમ ભિખારી જ્યાં સુધી મનમાની ભીખ ન મળે ત્યાં સુધી ઘર કે વ્યક્તિ બદલ્યા કરે છે. પછી કાંઈક મેળવી ખુશ થઈ જાય છે. પરંતુ આખી જિંદગી ભિખારી જ રહે છે. એક દીકરો, એક શિષ્ય કે એક વિદ્યાર્થી એકની નિષ્ઠા રાખી તેનો થઈને જીવે છે, તો તે બાપ પાસે જે હોય તે બધી સંપત્તિનો માલિક બને છે. તે શિષ્ય સદ્‌ગુરુ પાસે જે હોય એ બધી સાધુતાની અને પ્રભુની પ્રાપ્તિ પામે છે. તે વિદ્યાર્થી ટીચર કે પ્રોફેસરની તમામ વિદ્યા અને અનુભવોનો વારસ બને છે.



આ બાબતમાં આપણું કેમ છે ? માન-અપમાન, સુખ-દુઃખ કે સાનુકૂળતા-પ્રતિકૂળતા આવે તેમાં એકધારી શ્રીહરિ અને સંતની નિષ્ઠા રાખીએ છીએ ? દાદાખાચર, મોટીબા અને મુક્તાનંદ સ્વામી આખી જિંદગી એવી અનન્ય નિષ્ઠા રાખીને જીવી ગયાં એટલે ભગવાન શ્રીહરિ તેમને વશ થઈ ગયા. તેમણે ક્યારેય શ્રીહરિ તથા સંતનો અભાવ લીધો જ

INDEX

નહીં. કોઈ પણ સંજોગોમાં અવળું તો વિચાર્યું જ નહીં. અઘરામાં અઘરી પરીક્ષામાં પણ એકનિષ્ઠામાં ફેર પડવા દીધો જ નહીં, એટલે તેનાં સર્વે કામ શ્રીહરિએ સામેથી કરી આપ્યાં. આપણે પણ એવી અનન્ય નિષ્ઠા પાકી કરવાની જરૂર છે. શબરીબાઈએ ગુરુના વચનમાં વિશ્વાસ રાખી જીવનભર રામની રાહ જોઈ તો પ્રભુ શ્રીરામ સામેથી તેના આંગણે પધાર્યા. શબરીને ધન્ય ધન્ય બનાવી દીધાં.

આપણું જ બાળક હોય, આપણને સંભારતું કે પોકારતું હોય તોપણ ઘણી વાર આપણે તરત તેને મળતા કે તેડી લેતા નથી. પરંતુ જો તે રડવા લાગે, આપણા વિના રહી ન શકે તો સો કામ મૂકીને તેને તેડીએ, રમાડીએ, હસાવીએ, જમાડીએ. જે રીતે તે સુખી થાય તેવું બધું જ કરીએ; તેમ આપણને પ્રભુમાં એવો પ્રેમ થઈ જાય કે વાલમજી વિના રહેવાય નહીં. તેની પૂજામાં-પ્રાર્થના-ભક્તિ-સેવામાં આપણું હૃદય રડી પડે તો પ્રભુ તરત આવી જાય. આપણી ભક્તિ લુખ્ખી થાય છે. કથા-કીર્તન, ધૂન-ભજન રુટિન થઈ ગયું છે. મશીનની જેમ કરી નાંખીએ છીએ એટલે પ્રભુને તેની અસર થાતી નથી.

હિંમતનગર પાસે અરોડા ગામમાં એક મોહનબાપા થઈ ગયા. તે દરરોજ સ્વામિનારાયણ ભગવાનની પૂજા કરે, માનસી પૂજા કરે; તેમાં જ્યારે ગદ્‌ગદભાવ થઈ જાય, હૃદયમાં પ્રેમ ઊભરાય ત્યારે જ પૂજા પૂરી થઈ એવું સમજતા. આપણે તો ઘડિયાળના કાંટે ૫-૨૫ મિનિટ થાય એટલે પૂજા થઈ ગઈ માની લઈએ છીએ. એમ જ બીજી બધી બાબતો પ્રભુપ્રેમ વિના કરીએ તો પ્રભુને દોડીને આવવાની જરૂર જ શું પડે ? માટે વહાલા ભક્તો ! આપણા સત્સંગ-ભજનમાં પ્રભુ તથા પ્રભુના પ્યારા સંતો-ભક્તોમાં સાચો પ્રેમ વધારવાની ખૂબ જરૂર છે.

હજુ એક ત્રીજી બાબત સુધારવાની જરૂર છે – સકામભાવના-સ્વાર્થવાળી ભક્તિ.

જેમ બાળક મા-બાપનું થઈને રહેતું હોય, મા-બાપ માટે રડતું પણ હોય; પરંતુ મા-બાપ રમકડાં આપે, જમવાનું આપે કે મોબાઈલ ફોન પકડાવી દે તો તરત જ ખુશ-ખુશ થઈ જાય, તો મા-બાપ તેને મૂકીને તરત બીજા કામમાં જતાં રહે; તેમજ આપણે પણ ભગવાન અને મોટા સંતનો આશરો રાખીએ, ક્યારેક તેમના પ્રેમમાં આંસુ પણ આવી જાય, પરંતુ ધન, માન, ખાન-પાન કે સ્ત્રી-છોકરાં જેવું કાંઈક આપણું મનગમતું આપી દે એટલે આપણે જો ખુશ-ખુશ થઈ જતા હોઈએ તો હવે ભગવાનને આવવાની જરૂર રહેતી જ નથી. કારણ કે આપણો પ્રેમ, વિશ્વાસ અને સત્સંગ-ભજન એ બધું સકામભાવરૂપી સ્વાર્થથી ભરેલું છે. આપણે ભગવાન માટે જ ભગવાનને નથી ભજતા, પણ પ્રભુ પાસેથી કાંઈક પ્રાપ્ત કરવા માટે ભજીએ છીએ.

શબરીબાઈએ કેવળ ભગવાન માટે જીવનભર ભગવાનની રાહ જોઈ, સેવા-ભક્તિ કરી એટલે રામ આવ્યા. પ્રભુ મળ્યા પછીય પ્રભુ પાસેથી તેણે બીજું કાંઈ જ ન માંગ્યું. ગોપીઓએ શ્રીકૃષ્ણ માટે પોતાનું સર્વસ્વ કુરબાન કરી દીધું, પરંતુ પ્રભુ પાસેથી પ્રભુ સિવાય બીજી કોઈ જ આશા નહોતી રાખી એટલે વહાલો વશ થયા. મોટીબા-લાડુબા અને દાદાખાચર જેવા મુક્તો મહારાજ વિના જીવી જ ન શકે તેવાં મહાપ્રેમી હતાં. મહારાજનો વિયોગ થાય તો અન્ન-જળ છૂટી જાય, એટલે શ્રીહરિને તત્કાળ ત્યાં પહોંચવું પડતું. વળી, પ્રભુ પ્રાપ્ત થયા પછી પ્રભુ પાસેથી તેમને બીજી કોઈ જ આશા નહોતી. શ્રીહરિ તથા સંતોની સેવા માટે જ તે શ્રીહરિ તથા સંતોને માનતાં, સેવતાં, ભજતાં અને સર્વસ્વના ભોગે તેમને રાજી રાખવા ચાહતાં. એટલે જ તેમને ક્યારેય પણ શ્રીહરિ કે સંતોનો અભાવ ન આવ્યો. ગમે તેટલી વાર અઘરામાં અઘરી કસોટી કરી તોપણ સવળું જ લીધું. રડી-રડીને એક પ્રભુને રાજી રાખવાનું જ ચાહતાં હતાં.

જો આપણે પણ તેમની જેમ અનન્ય નિષ્ઠા, અનન્ય પ્રીતિ અને સંપૂર્ણપણે નિષ્કામભાવના-નિઃસ્વાર્થ સેવા સમર્પિત કરીએ તો આપણને પણ મળવા માટે મહારાજ ઉતાવળા થાય. વિશ્વાસ, પ્રેમ અને નિષ્કામતા; એ ત્રણ બાબતો શુદ્ધ કરી લઈએ અને સંપૂર્ણ કરી શકીએ તો આ જ જન્મે પ્રભુને પામી શકીએ.



# વાસ્તવિકતા

લેખક : સાધુ કૃષ્ણપ્રિયદાસ
ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

એક રાજ્યમાં બહુ મોટા રાજા રહેતા હતા. ખૂબ જ સારી રીતે તેમનું રાજ્ય ચાલતું હતું. તેઓ સાધુ-સંતોને, ગરીબોને, જરૂરિયાતમંદોને ખૂબ મદદ કરતા હતા. લોકકલ્યાણનાં કામો કરતા. તેની નામના અને મહાનતા ચારેબાજુ ગૂંજતી રહેતી હતી. બધા તેમને બહુ મોટા અને મહાન માનતા હતા. આખા રાજ્યમાં તેમની વાહવાહ થતી હતી.

એકવાર તેમના મહેલમાં કચેરી ભરાઈને બેઠી હતી. તેમાં રાજા અને તેમના માણસો બેઠા હતા. તેવામાં એક મહાત્મા તે રાજાના મહેલમાં આવી ચડ્યા. મહાત્મા હોવાથી તેમને કોઈએ રોક્યા નહીં. તેઓ સીધા રાજાની ભરાયેલી કચેરીમાં પહોંચી ગયા. રાજા તો મહાત્માને જોઈને પગે લાગ્યા અને ફૂલહાર વગેરેથી સન્માન કરી તેમને સારી રીતે આવકાર્યા.

મહાત્મા રાજાને કહે, “તમે બહુ મોટા છો, ગુણવાન છો, મહાન છો. સર્વત્ર તમારી વાહવાહ થઈ રહી છે. આખા રાજ્યની જનતા તમારાથી ખૂબ જ ખુશ છે.” આટલું બોલ્યા ત્યાં તો રાજા વચ્ચમાં બોલ્યા, “ના..ના.. એવું ના હોય. મારામાં એવુ કાંઈ નથી. હું તો સાવ નકામો માણસ છું, મારી વાહવાહ કરનારા મહાન છે. હું તો માની છું, ક્રોધી છું, દંભી છું, અહંકારી છું.” ત્યાં મહાત્મા બોલ્યા, “ના..ના.. એવું ના હોય. આ બધા કહે છે. તમે તો ખરેખર ખૂબ જ મહાન છો.”

આ ચર્ચામાં રાજાને પોતાનાં વખાણ બહુ જ ગમતાં હતાં, પેટમાં ગલગલિયાં થતાં હતાં. મહાત્માને થયું કે કોઈક દિવસ આ રાજાની પરીક્ષા કરવી પડશે.

રાજાએ તેમના માણસોને કહ્યું કે, “આ મહાત્માને સારામાં સારું જમાડો અને દાન-દક્ષિણા આપો.”

અમુક દિવસો પછી એક દિવસ રાજા એકલા પોતાના મહેલના ઝરૂખામાં બેઠા હતા. ત્યાં બરાબર ઝરૂખાની નીચેથી મહાત્મા પસાર થયા. ત્યાં બીજું કોઈ ન હતું, તેથી રાજાને જોઈને મહાત્માને એવો વિચાર આવ્યો કે, “આજે રાજાની પરીક્ષા લઈ લેવી છે.” આમ વિચારે છે ત્યાં જ રાજાની અને મહાત્માની ચાર આંખ ભેગી થઈ ગઈ.

મહાત્મા જોરથી બોલ્યા કે, “એય..! માની. તું તો ક્રોધી છો, દંભી છો, અહંનું ઠૂંઠું છો.” આટલું સાંભળતાં જ રાજાનો બાટલો ફાટ્યો. મગજ ગયો. મનમાં અતિશય ક્રોધ ભરાયો, પણ સામે મહાત્મા હતા એટલે કાંઈ બોલી શક્યા નહીં.

વહાલા ભક્તો ! વ્યક્તિ પોતે જાહેરમાં પણ પોતાના માટે હલકા શબ્દો વાપરી શકે છે, પરંતુ એકાંતમાં પણ એની એ જ વાત બીજા કરે અને નાના માને તે સહન થતું નથી. આપણે જરા ઊંડા ઊતરીને આપણું વિચારીએ કે, પોતે પોતાને માની, ક્રોધી, દંભી, અહંકારી કહીએ છીએ ત્યારે પણ પોતાની મોટપ વધારી સારા દેખાવાની ઈચ્છા પેટમાં પડી હોય અને પેટમાં ગલગલિયાં થતાં હતાં હોય એવું બની શકે છે અને એની એ જ વાત બીજા કરે તો અંતરમાં ક્રોધ પણ આવી જાય, મુખ ઝાંખું થઈ જાય. અને આપણા વિષે એવું બોલનારા પરત્વે હલકો ભાવ પણ થઈ જાય છે. તો પછી વાસ્તવિક શું ?

વહાલા ભક્તો ! આપણે પોતાની અસલિયત પોતે તપાસીએ અને જો એવું કાંય દેખાય તો સ્વીકાર કરી સુધારો કરીએ તો મહારાજ રાજી થાય.

# હું હરિનો હરિ મમ રક્ષક



લેખક : સાધુ અનાદિસ્વરૂપદાસ
ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

એક વખત એક મોટું જહાજ દરિયામાં સફર કરી રહ્યું હતું. અચાનક દરિયામાં ભારે તોફાન આવ્યું ને આખું વહાણ ભાંગી ગયું ને ડૂબી ગયું. તેમાં ફક્ત એક માણસ બચ્યો. તે પાણીમાં તણાતો તણાતો કોઈ એક અજાણ્યા ટાપુ પર પહોંચ્યો.

તેણે ભગવાનને આર્તનાદે પ્રાર્થના કરી કે, "હે પ્રભુ ! મને આ મહાસંકટમાંથી બચાવો." પરંતુ કેટલાક દિવસ સુધી તેને બચાવવા કોઈ આવ્યું નહીં. તેણે તે ટાપુ પર પોતાને રહેવા માટે એક ઝૂંપડી જેવું બનાવ્યું. ટાપુ પર જે કાંઈ જેવું તેવું ખાવાનું મળે તે ખાઈને દિવસો વિતાવે છે. 'હું આ નિર્જન ટાપુ પર એકલો અટુલો છું ! ભગવાન પણ મારી પ્રાર્થના સાંભળતા નથી.' આમ વિચારી તે ખૂબ ઉદાસ રહેતો.

એક દિવસ કાંઈક ખાવાનું શોધતો શોધતો દૂર ગયો. પાછો આવ્યો ત્યારે જોયું તો એની ઝૂંપડી આગમાં બળી ગઈ હતી. આ જોઈ તે બિલકુલ ભાંગી ગયો ને આકુળ-વ્યાકુળ થઈ ગયો. તે આકાશ સામે જોઈને બૂમો પાડવા લાગ્યો, "શા માટે ભગવાન ? તેં મારી સાથે આવું શા માટે કર્યું ?" પછી ખૂબ નિરાશ થઈને સૂઈ ગયો.

બીજે દિવસે સવારમાં કોઈ સ્ટીમર તે ટાપુ તરફ આવી. તે સ્ટીમરના માણસે આ ભાઈને જ્યારે સ્ટીમરમાં બેસાડ્યો, ત્યારે તેણે પૂછ્યું કે, "તમને કેમ ખબર પડી કે અહીં આ ટાપુ પર કોઈ માણસ છે ?" ત્યારે બચાવવા આવનારે કહ્યું કે, "શું તમે અમને ધુમાડાથી સિગ્નલ આપવા માટે અગ્નિ નો'તો સળગાવ્યો ?" તે સાંભળીને તે માણસને ખ્યાલ આવ્યો કે ખરેખર ભગવાને તેની પ્રાર્થના સાંભળી, પણ સંકટમાં પોતાને પોકારનારને સહાય કરવાની ભગવાનની રીત અલૌકિક હોય છે." પછી આંખમાં આંસુ સાથે ભગવાનનો ખૂબ ઉપકાર માન્યો.

વહાલા ભક્તો ! ભગવાન તેમના ભક્ત એવા આપણી પ્રાર્થના અવશ્ય સાંભળે છે અને જરૂર સંકટમાં રક્ષા કરે છે, પરંતુ તેઓ કેવી રીતે સહાય કરે ? કોના દ્વારા સહાય કરે ? ક્યારે સહાય કરે ?; તે બધું તેમનું અલૌકિક હોવાથી આપણે સમજી શકતા નથી. પરંતુ શ્રીહરિકૃષ્ણચરિત્રામૃતસાગરમાં આપણા વહાલા મહારાજ કહે છે,

'માટે મારે વિશ્વાસે રહેજો રે, મુજ વિના નથી કોઈ બીજો રે;
મેં કર્યું તે તમે સર્વે ભાળ્યું રે, દુઃખ ટાળ્યું ને સુખ તે આલ્યું રે.'
(હ.કૃ.ચ.સા. ૭૭/૨૪)

વળી, ભગવાને પોતે કહેલ છે કે,

"सकृदेव प्रपन्नाय तवास्मीति च याचते।
अभयं सर्वभूतेभ्यो ददाम्येतद्व्रतं मम।।
(રામાયણ : યુદ્ધકાંડ, સર્ગ-૧૮, શ્લોક-૩૩)

જે એક જ વખત મારે શરણે આવીને રક્ષા માટે પ્રાર્થના કરે છે કે, 'હે ભગવાન ! હું તમારો છું,' તેને હું સર્વ ભૂતપ્રાણી થકી નિર્ભય કરી દઉં છું; એવું મારું દૃઢ વ્રત છે." માટે દુઃખ, સંકટ, આપત્તિ વગેરેના સમયમાં ભગવાનનું આ વ્રત યાદ કરીએ તો આપણો ભગવાન પ્રત્યેનો વિશ્વાસ ડગે નહીં. અને આપણે સતત એમ ધારતા ને માનતા રહેવું કે,

**'હું હરિનો હરિ મમ રક્ષક, એ ભરોસો જાય નહિ;**
**જે કરશે તે મમ હિતનું, એ નિશ્ચય બદલાય નહિ.'**



# અમે કોઈનું લેણું રાખતા નથી...

લેખક : સાધુ સાકારસ્વરૂપદાસ ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

શ્રીજીમહારાજે એકવાર ગઢડામાં મોટો સમૈયો કરવાનું નક્કી કર્યું. હરિભક્તોને સમૈયામાં આવવાનું આમંત્રણ આપવા મહારાજે બધે કાગળ લખાવ્યા. કાગળો મળવાથી દેશાંતરનાં હરિભક્તો બાઈઓ-ભાઈઓ કીર્તન ગાતાં ગાતાં ગઢપુર આવવા લાગ્યાં. એમાં એક સંઘ ગઢપુર આવતો હતો, તેને રસ્તામાં ખારાપાટમાં એક ગામ આવ્યું. તે ગામના એક પટેલે હરિભક્તોને આ રીતે કીર્તન ગાતા આવતા જોઈને પૂછ્યું, "તમે બધા આ રીતે ભજન કરતા ક્યાં જાઓ છો ?" હરિભક્તો કહે, "ગઢડામાં સ્વામિનારાયણ ભગવાન મોટો સમૈયો કરે છે. અમો સ્વામિનારાયણ ભગવાનનાં દર્શન કરવા અને સમૈયાનો લાભ લેવા જઈએ છીએ." પટેલ ગુણભાવી હતા. તેને ભગવાનમાં ભાવ થયો એટલે હરિભક્તોને કહે, "તમો ઘડીક ઊભા રહો તો હું ગામમાં જઈને ભગવાન માટે કાંઈક ભેટ લઈ આવું."

પટેલનો ભાવ જોઈ હરિભક્તો ઊભા રહ્યા. પટેલ ગામમાં ગયા ને દસ રૂપિયા લાવી હરિભક્તોને આપ્યા ને કહ્યું, "સ્વામિનારાયણ ભગવાનને મારી આ ભેટ મૂકજો ને કહેજો મારા પર રાજી થાય." હરિભક્તોએ

INDEX

તેના રૂપિયા સાથે લીધા ને ગઢડે આવ્યા. ગઢડા દાદાના દરબારમાં મહારાજ લીંબતરુ નીચે સભા કરીને બિરાજમાન હતા. ગામોગામથી સંઘ આવીને પોતપોતાની ભેટ વગેરે મૂકી પૂજન કરતા હતા. મહારાજ બધા ભક્તોનો ભાવ સ્વીકારતા હતા. આ હરિભક્તોએ પણ આવી મહારાજનું પૂજન કર્યું. પોત પોતાની જે કાંઈ ભેટ હતી તે મહારાજના ચરણોમાં મૂકી, પરંતુ પેલા પટેલે આપેલા દસ રૂપિયા ભેટ મૂકવાનું ભૂલી ગયા. એટલે મહારાજે સામેથી યાદી આપતાં કહ્યું, “ભક્તો ! અમારે માટે કોઈ ભક્તે દસ રૂપિયા ભેટ મોકલાવી છે તે ભૂલી ગયા કે શું ? ત્યારે હરિભક્તોને યાદ આવ્યું. પછી તે પટેલના દસ રૂપિયા મહારાજને આપ્યા. મહારાજે તે રૂપિયા હાથમાં લઈ જરાક માથું ધુણાવ્યું. એટલે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું, “મહારાજ ! માથું કેમ ધુણાવ્યું ?” ત્યારે મહારાજ કહે, “ખરા સમયે આ રૂપિયાનું વળતર આપવા મારે જવું પડશે.”

આ ઘટનાને ઘણો સમય વીતી ગયો. કર્મ સંજોગે તે પટેલને મોટી ઉંમરે અચાનક શરીરમાં કોઢ નીસર્યો. આ ઉંમરે આવું થતાં પટેલ મૂંઝાયા કે મારે સમાજમાં શું મોઢું બતાવવું ? આમ લોકલાજ અને આબરૂને લઈને તે મરવા તૈયાર થયા. તેમણે એક માણસને તૈયાર કરી ગાડું જોડાવ્યું ને સમુદ્ર તરફ ગાડું ચાલતું કર્યું. ગાડું હાંકનારને કહ્યું કે તું કોઈને આ વાત કરીશ નહીં. હું અહીં સમુદ્રમાં મરવા માટે આવ્યો છું; એમ કહી ગાડું હાંકનારને થોડા રૂપિયા આપી પાછો મોકલ્યો ને પોતે સમુદ્ર તરફ ધીમેધીમે ચાલતા થયા. તેવામાં શ્રીજીમહારાજ વૃદ્ધ બ્રાહ્મણનું રૂપ લઈ સામા મળ્યા ને કહ્યું, “પટેલ, ક્યાં જાઓ છો ?” ત્યારે પટેલ કહે, “અમારાં સંબંધીને ત્યાં જઈએ છીએ.”

ત્યારે શ્રીજીમહારાજ કહે, “અમે તપસ્વી બ્રાહ્મણ છીએ, અમારી આગળ ખોટું ન બોલાય, જેવું હોય તેવું કહો. શા કારણે સમુદ્ર તરફ જાવ છો ?” તોપણ પટેલે એ જ જવાબ આપ્યો. ત્યારે મહારાજે કહે, “તમે સમુદ્રમાં પડવા જાઓ છો ને ખોટું કેમ બોલો છો ?” ત્યારે પટેલે જાણ્યું કે આ તો અંતરયામી છે, એટલે નિખાલસપણે કહ્યું, “હા, હું સમુદ્રમાં પડવા જાઉં છું.”

બ્રાહ્મણના રૂપમાં મહારાજ કહે, “શા માટે મરી જવું છે ?” એટલે પટેલે બધી વાત કરી. ત્યારે મહારાજ કહે, “મારું વચન માનીને તમો તમારે ઘેર પાછા જાઓ. તમને થોડા દિવસમાં સારું થઈ જશે. અને જો અમારું ન માનવું હોય તો આ તમારા દસ હજાર રૂપિયા પાછા લો.” ત્યારે પટેલ કહે, “મેં તમોને કોઈ રૂપિયા આપ્યા નથી.” ત્યારે મહારાજ કહે, “અમારા સત્સંગીનો સંઘ ગઢડે આવતો હતો ત્યારે તમોએ દસ રૂપિયા અમોને ભેટ નહોતા મોકલાવ્યા ?”

પટેલ ઘડીક વચારીને કહે, “તમો સ્વામિનારાયણ ભગવાન છો ?” ત્યારે મહારાજ કહે “હા, અમો સ્વામિનારાયણ ભગવાન છીએ. આ તમારા રૂપિયા પાછા લ્યો, અમે કોઈનું લેણું રાખતા નથી.” પટેલની આંખમાં આંસુ આવી ગયાં ને મહારાજના ચરણોમાં પડી ગયા. મહારાજે તેને આશ્વાસન આપતાં કહ્યું, “તમે તમારે ઘરે પાછા જાઓ, થોડા દિવસમાં તમને સારું થઈ જશે. જરાય ચિંતા કરશો નહીં.”

**વસમી વેળાએ વાલમો, નિજજનની લે છે સંભાળ;**
**બિરુદ પોતાનું પાળવા, સદા તત્પર રહે છે દયાળ.**

આમ, દયાસાગર મહારાજે વિપત્તિ વેળાએ પટેલની રક્ષા કરી. પછી તે પટેલ મહારાજનો વિશ્વાસ રાખી પોતાને ઘેર પાછા ગયા. થોડા સમય બાદ તે પટેલને સાવ સારું થઈ ગયું. આ પરચો જોઈ તેને મહારાજનો દૃઢ નિશ્ચય થઈ ગયો. પછી થોડા સમય બાદ તે મહારાજનાં દર્શન કરવા ગઢડે આવ્યા. મહારાજનાં દર્શન કરી મહારાજ પાસે વર્તમાન ધારી દૃઢ આશ્રિત થયા. વળી, અંતકાળે મહારાજ તેને પોતાના અક્ષરધામમાં લઈ ગયા.

વહાલા ભક્તો ! કોઈ જાણે-અજાણે ભગવાન અર્થે કાંઈક કરે તેનેય ભગવાન ક્યારેય ભૂલતા નથી, તો જે એમના આશ્રિત હોય ને એમને માટે જ જીવતા હોય, તેને તો ભૂલે જ કેમ ! માટે, મહારાજનો દૃઢ વિશ્વાસ રાખી, સદા આનંદમાં રહી સેવા-ભજન કરી એમને રાજી કર્યા કરવા, તો મહારાજ સર્વ રીતે આપણી રક્ષા કરશે જ.



# બીજા માટે કરવું તે મોટી ભેટ

લેખક : સાધુ વર્ણિવેષદાસ
ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

આધ્યાત્મિકમાર્ગમાં બધું કેળવવા માટે ઘણું ધ્યાન રાખવું પડતું હોય છે; પરંતુ બીજાને સુખ દેવાની ભાવના એવો સંપૂર્ણ પ્રોજેક્ટ છે કે જેમાંથી આપોઆપ સારા ગુણો નીખરી આવે છે.


વહાલા પૂ.ભજનપ્રકાશ સ્વામીને યાદ કરીએ. તેમના હૃદયમાં મહારાજ, પૂ.ગુરુજી અને સંતો-ભક્તો માટેની એક જ ભાવના હતી કે, 'હે પ્યારા ! હું સોતા મારું સર્વસ્વ આપના ઉપયોગમાં લ્યો ને..!' આ વાત તેમના જીવનના રગેરગમાં વણાઈ ગઈ હતી. તેથી જ તેઓ બીજા માટે નિઃસ્વાર્થભાવે ખૂબ જ મહેનત કરતા હતા. અને અત્યારે પણ એવા ઘણા પ્રગટ મુક્તો છે કે જે હંમેશાં બીજાના સુખ માટે જ શ્વાસો લે છે. વળી, જે બીજા માટે ઘસાય છે તેને કોઈ ભૂલતું નથી. ગમે તેવી મુશ્કેલીમાં જો બીજાને મદદ કરતા રહીએ તો આપણાં સુખ-આનંદને કોઈ અડચણ આવતી નથી; પરંતુ બીજાને કાંઈક આપવું તે ઘણી ઊંચાઈ માંગી લે છે. આપણું જીવન, સુખ, સમય કે પ્રેમ જો ભક્તો માટે વપરાય, તો જેમ બાળકને કાંઈક આપીએ ને તેની માતા રાજી થાય તેમ જ આપણા પરમ પિતા પરમાત્મા ખૂબ રાજી થઈને કહે કે, 'વાહ મારો ભક્ત !'

વહાલા ભક્તો ! અત્યારે પણ આપણા જ ગામમાં રહેતા હોય, વાસીદું કરતા હોય, કશું ભણેલા ન હોય; પરંતુ ગોપીઓના જેવી એમની ભક્તિ હોય છે. ગોપીઓ માટે શ્રીજીમહારાજ સારંગપુરના ૧૫મા વચનામૃતમાં બોલ્યા જે, "ગોપીઓ કાંઈ ભોળિયો નહોતી, એ તો આત્મનિષ્ઠા ને વૈરાગ્ય યુક્ત હોય તેની સમજણને ઉલ્લંઘી જાય એવી ડાહિયો હતી. જેમ કોઈક રાજનીતિનો જાણનારો હોય ને તે બોલે તેના જેવું તો ગોપીઓને બોલ્યામાં ડહાપણ હતું; અને ભગવાનને પણ જેમ યથાર્થપણે જાણ્યા જોઈએ તેમ જાણતી હતી. અને સર્વે યાદવમાં અતિશય ડાહ્યા ને ભગવાનના ચોવટિયા એવા જે ઉદ્ધવજી, તે ગોપીઓની સમજણ જોઈને ગદ્‌ગદ કંઠ થઈ ગયા અને તે ઉદ્ધવજી એમ બોલ્યા જે, 'ગોપીઓ પાસે મને જ્ઞાન કહેવા મોકલ્યો, તે તો ભગવાને મારી ઉપર અતિશય અનુગ્રહ કર્યો.' અને પોતે ગોપીઓને ઉપદેશ કરવા ગયા હતા પણ ગોપીઓનાં વચન સાંભળીને પોતે સામો ઉપદેશ ગ્રહણ કર્યો."

માત્ર મારા કાનાને કેમ સુખ થાય ? મારા કાનાને શું આપું ? તે કેમ રાજી થાય ? - આમ સુખ દેવાની ભાવનામાંથી જ ગોપીઓ આવી મહાન અને ગુણિયલ બની ગઈ. અને જેનું મન એક ભગવાનમાં જ સ્થિર થયું એટલે સમજો તેના સર્વે યોગ સિદ્ધ થઈ ગયા. આવા ઉત્તમ ભક્ત બનવા માટે પ્રથમ પગથિયું છે : બીજાને કાંઈક સુખ આપવું. તો એક નાનકડી વાતથી બીજાને સુખ દેવાની ભાવનાને સમજવાનો પ્રયત્ન

કરીએ કે જે, આપણા શેષ જીવન માટે ખૂબ જ ફાયદાકારક થશે.

વિશાલભાઈને કોઈ કામ પ્રસંગે બહાર ગામ જવાનું હોવાથી બસમાં ચડ્યા. બસની અંદર ભીડ જોઈને તેઓ અસ્વસ્થ થઈ ગયા. બેસવાની જગ્યા નહોતી. એ જ સમયે એક વ્યક્તિએ સીટ ખાલી કરી. ખાલી સીટની બાજુમાં એક સામાન્ય કામદાર જેવો વ્યક્તિ ઊભો હતો. તે ત્યાં બેસી શક્યો હોત, પરંતુ તેના બદલે તેણે વિશાલભાઈને સીટની ઓફર કરી. આગલા સ્ટોપ પર ફરી એ જ વાત બની. તેણે પોતાની સીટ બીજાને આપી દીધી. સમગ્ર પ્રવાસ દરમ્યાન આવું ચાર વખત બન્યું. તે આખો દિવસ કામ કર્યા પછી ઘરે પાછો જઈ રહ્યો હતો.



છેલ્લા સ્ટોપ પર જ્યારે બધા ઊતર્યા ત્યારે વિશાલભાઈએ તે ભાઈની સાથે વાત કરી કે, 'જ્યારે પણ તમને ખાલી સીટ મળી ત્યારે તમે તમારી સીટ બીજા વ્યક્તિને કેમ આપી રહ્યા હતા ?'

તેનો જવાબ વિશાલભાઈને આશ્ચર્યચકિત કરી ગયો.

તેણે કહ્યું, "હું મારા જીવનમાં બહુ ભણ્યો નથી અને હું ઘણી બધી બાબતો જાણતો નથી. મારી પાસે વધારે પૈસા પણ નથી. તેથી મારી પાસે કોઈને આપવા માટે કંઈ જ નથી. આ એક વસ્તુ એવી છે કે જે હું સરળતાથી કરી શકું છું. અને એટલે જ હું દરરોજ આવું કરું છું. આખો દિવસ કામ કર્યા પછી હું થોડા સમય માટે વધુ ઊભો રહી શકું છું. મેં તમને મારી સીટ આપી અને તમે આભાર કહ્યો. તેથી મને મેં કોઈના માટે કંઈક કર્યું તેનો સંતોષ મળ્યો. હું આ રીતે દરરોજ કરું છું. અને અનુભવું છું કે હું કોઈક રીતે યોગદાન આપી રહ્યો છું. હું રોજ ફ્રેશ થઈને, ખુશ થઈને ઘરે પાછો જાવ છું કે 'મેં કોઈને કંઈક આપ્યું છે."

વિશાલભાઈને આ અજાણી વ્યક્તિમાંથી 'દરરોજ કોઈક માટે કંઈક કરવાની ઈચ્છા; એ સહુથી મોટી ભેટ છે.' આ સૂત્ર શીખવા મળ્યું.

સારાં કપડાં, બેંક ખાતામાં ઘણા પૈસા, મોંઘા ગેજેટ્સ, એસેસરીઝ, લક્ઝરી શૈલી અથવા તો શૈક્ષણિક ડીગ્રીઓ પોતાને સમૃદ્ધ અને ખુશ બનાવી શકે કે નહીં ?! પરંતુ... કોઈકને મદદ કરવી, બીજાને સુખરૂપ થવા માટે કરેલું એક નાનકડું કાર્ય; તમને દરરોજ સમૃદ્ધ અને ખુશ અનુભવવા માટે પૂરતું છે ! સારાં કાર્યો કરવા માટે વધુ ધન-દોલતની જરૂર નથી, પરંતુ આપણે આપણી ક્ષમતા પ્રમાણે તન-મન-ધનથી બીજા માટે ઘસાવાની જરૂર છે.

વહાલા ભક્તો ! આપણો માર્ગ તો વહાલા મહારાજ અને આ સત્સંગને આત્મસુદ્ધા સર્વસ્વનું અર્પણ કરવાનો છે. તેમાં જો આ પ્રથમ પગથિયું ચડી ગયા તો સમજો બાજી જીતી ગયા. ઓછી મહેનતે મહારાજના વહાલા મુક્ત બનવા લાગ્યા. વળી, આપણે વહાલા ગુરુજી અને દયાળુ સ્વામીના જીવનમાં જોઈએ છીએ કે તેઓએ આપણા માટે કેટકેટલું કર્યું છે ને હાલ કરી રહ્યા છે. તેઓએ આપણા માટે પોતાનું આયખું ઘસી નાંખ્યું છે. તો આપણે પણ તેમના જીવનમાંથી પ્રેરણા લઈ તેવા થવાનો દૃઢાવ કરીએ.

અંતમાં વહાલા મહારાજ, મુક્તો, પૂ.ગુરુજી અને સંતો-ભક્તોનાં ચરણોમાં પ્રાર્થના કરીએ કે, અમે સહુ આપના શરણે છીએ. બધું આપનું છે. આપે જ આપ્યું છે, ને આપના માટે જ હોમાઈ જવાય એવી કૃપા કરશો.



# આગળ કેમ વધાતું નથી ?

લેખક : સાધુ આત્મીયસ્વરૂપદાસ  ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

વહાલા ભક્તો ! આ દિવ્ય સત્સંગમાં પ્રવેશ પામ્યા બાદ હાલ આપણને પોતા પરત્વેની કેવી ફીલિંગ આવી રહી છે ? રોજબરોજ આગળ વધાય છે ? ત્યાં ને ત્યાં જ રહેવાય છે કે પાછું પડાય છે ? ખરેખર તો આગળ જ વધાવું જોઈએ. જો આ રિઝલ્ટ ન મળતું હોય તો પોતાનામાં ઊંડા ઊતરવાની જરૂર છે. સ્વતપાસ કરતા જણાઈ આવશે કે નીચે દર્શાવેલ કેટલાક મુદ્દાઓ પૈકીની મારામાં રહેલી આવા પ્રકારની ખોટ મારી આધ્યાત્મિક પ્રગતિમાં બાધારૂપ છે.

**(૧) મજબૂત અને ચોખ્ખો જીવનધ્યેય નથી :**

આપણા ધ્યેયમાં બોદાશ હોવાને કારણે જ આપણો રસ્તો નથી કપાતો. જો 'આ જ જન્મે મહારાજને પામવું જ છે' – આવો 'જ' થી વજનયુક્ત આપણો ધ્યેય હશે તો એ તરફ આપોઆપ ગતિ થતી રહેશે. ને જો ઓપ્શનયુક્ત, બળરહિત બોદો ઠરાવ હશે તો કેમેય પંથ નહિ કપાય. મારે માયા જોઈએ છે કે મહારાજ ? માન જોઈએ છે કે ભગવાન ? કીર્તિ જોઈએ છે કે મૂર્તિ – આ બધું સ્પષ્ટપણે નિશ્ચિત થઈ જવું જોઈએ; કેમ જે આપણી ગતિની સ્પીડ આવો ધ્યેય નક્કી થયા પછી જ વધે છે. ધ્યેયસિદ્ધિ માટે ધ્યેયશુદ્ધિ પરમ આવશ્યક છે; તેમાં અંધધૂંધપણું કે અસ્પષ્ટપણું ન ચાલે. ધ્યેયવિરોધક પરિબળોનો ત્યાગ કરવાની બાબત હોય કે ધ્યેયસિદ્ધિ માટેના અભ્યાસની બાબત હોય; બંનેની સફળતાનો આધાર આપણા ધ્યેયની નબળાઈ કે નક્કરતા પર રહેલો છે. માટે ધ્યેયની શુદ્ધિ તથા સજાવટ કરવા સત્પુરુષ થકી કથાશ્રવણ કરતા રહેવું. વળી, સત્શાસ્ત્રનું વાંચન, સ્વતપાસ અને સદ્વિચાર કરતા રહેવું. બધાનું થાશે એ મારું થાશે – આવું સ્થૂળતાભર્યું ઘેટા જેવું આંધળુંકિયું અને મૂઢ જીવન ન જીવતાં, પરફેક્ટ અને સજાગ જીવન જીવવું.

**(૨) મનની મક્કમતા અને શૂરવીરતા નથી :**

એક કહેવત છે – 'કાળા માથાનો માનવી, ધારે તે કરે' એ ન્યાયે... આત્મબળથી પણ ઘણું બધું થઈ શકતું હોય તો આપણી પાસે તો આત્મબળ ઉપરાંત પરમાત્મબળ પણ છે. માટે મારાથી ક્યાંથી થાય ? એમ પોતાને વિષે નિમ્નપણું કદી ન માનતાં શૂરવીરપણું રાખવું. વચ.ગ.મ.–૧૨ મુજબ આપણી જીવની અમોઘ શક્તિને જાણી નથી એટલે જ આપણામાં માયકાંગલાપણું–ગુલામીપણું રહે છે. દોષો-સ્વભાવોના સકંજામાંથી બહાર નીકળી શકતા નથી. ઇન્દ્રિયો-અંતઃકરણ સામે હિંમત હારી જવાય છે ને તેના દોર્યા દોરાઈને દુઃખી થઈએ છીએ. બાકી 'મહારાજ અને સંતોના બળે શું ન થાય ?' એમ બળ રાખીએ તો બધું થાય. આપણે કેસરી સિંહ હોવા છતાં સસલાથી ડરીને જીવીએ છીએ એટલે જ આગળ વધાતું નથી.

**(૩) મોટા સંતો-ભક્તોમાં HVHની દૃઢતા નથી :**

આ માર્ગે સ્વબળ કે સાધનબળ દ્વારા એકલાથી કામ નથી થતું; આગળ વધતા રહેવું હોય તો મોટાની મદદ લેવી જ પડે છે. આ વાતને સમજી જો આપણે સંતો-ભક્તોને શરણે રહી તેમના બતાવેલ રાહ પર ચાલતા રહીએ તો મંજિલ જલ્દી આવી જાય. વચ.ગ.મ.૩૭ મુજબ મોટામાં હેત, વિશ્વાસ અને હિતકારીપણાનો દૃઢાવ હોય તો આપણી પ્રગતિને કોઈ જ ન રોકી શકે. જો વારંવાર આપણો ટ્રેક બદલી જાય છે અથવા આપણી સ્પીડ ધીમી રહે છે તો HVHમાં કાંઈક ફેર છે.

**(૪) મળનાર ફાયદા કે નુકશાનમાં નજર નથી :**

જે તે બાબતમાં ફાયદો દેખાય પછી એ કરવામાં તીવ્રતા ઊપજે છે. ધારો કે ૩૦ દિવસ રેગ્યુલર મંગળા

આરતીનાં દર્શન કરવાથી આપણા ખાતામાં ૩૦ લાખ જમા થતા હોય, તો એ લાભ આપણે કેમેય જતો કરીએ ? ના. કેમ જે, ધનપ્રાપ્તિરૂપ ફાયદો નજરમાં છે. હવે આ જ બાબતને રિવર્સમાં કરીએ. ૩૦ દિવસની મંગળા આરતીમાં જેટલા દિવસ મીસ થાય એટલા લાખ તેનો દંડ ભરવાનો થતો હોય તો ? આ બાબતે નુકશાની નજરમાં હોવાથી સમજીને ખૂબ સાવધ રહીએ, ખરું ને ! બસ, એમ જ આજ્ઞા પાળવામાં, ગુણ લેવામાં, મહિમા સમજવામાં, દાસત્વ અને દિવ્યભાવ રાખવામાં વગેરેમાં થતો ફાયદો તેમજ આજ્ઞા લોપવામાં, અભાવ લેવામાં, ખરાબ જોવામાં, બહારનું ખાવામાં વગેરેમાં થતું નુકશાન નજરમાં હોય તો આપણે કોઈ કાળે ગેરમાર્ગે જઈએ જ નહિ; પરિણામે આપણી ખૂબ પ્રગતિ થાય.

### (૫) મહારાજનું મહાસુખ લેવાનો લોભ નથી :

વચ.પં-૧ મુજબ મહારાજના મહાસુખમાં દૃષ્ટિ પહોંચી જાય તો પંચવિષયના સુખમાં તુચ્છતા થઈ જાય છે. ને એ માયાના ક્ષણિક સુખોનો સહેજે ત્યાગ કરી શકાય છે; માટે મહારાજના મહાસુખના મહાત્વાકાંક્ષી અને લોભી થવું. ઘણી વાર ભગવાનનું સુખ મળે એની રાહ જોવાતી નથી ને વિષયોનું પ્રત્યક્ષ સુખ ભોગવાય જાય છે; એ સુખમાં સંતોષ મનાઈ જતાં ઝાઝા સુખનો લોભ નથી રહેતો એટલે જ આગળ નથી વધાતું. વળી, કેટલીક વાર 'આ સુખ નહિ લઈએ ને એ સુખ નહિ મળે તો વચ્ચે રહી જઈશું.' – આવી નાસ્તિકભાવની બીક આપણને માયાનું સુખ ભોગવાવી દઈ મહારાજના સુખથી વંચિત રાખે છે. દેહભાવ અને અજ્ઞાનને લઈને પંચવિષય, માન-મોટપ વગેરેના સુખમાં માની લીધેલ દુર્લભપણું આપણને એ સુખથી ઉપર ઊઠવા નથી દેતું. પરંતુ આ બધી વાતોને વિચારીને શ્રીહરિનું શાશ્વત સુખ પામવાનું જ તાન રાખીએ તો આગળ વધાય.

### (૬) મોક્ષમાર્ગે આળસ-પ્રમાદની ગંભીરતા નથી :

આજ સુધી આપણને 'હમણાં નહીં, પછી કરીશ...' 'ચાલશે, નહિ વાંધો આવે.' આવા આળસ, પ્રમાદ અને ગાફલાઈ યુક્ત જીવનને લઈને આપણને અનેક દુઃખો આવ્યાં છે. આવા જીવનને લઈને જ અનેક જન્મો પણ લેવા પડ્યા છે. જે તે સમયે કરવાનું કરવું જ જોઈએ અને ન કરવાનું કરાય જ નહીં – આ સત્ય વિધાનથી આપણે ઘણા દૂર જીવીએ છીએ, એટલે જ આગળ નથી વધાતું. જે કોળિયે ભગવાન ભુલાય એ કોળિયો જમ્યા બાદ આપણે ઊભા થઈ જવાનો નિયમ હોય તો આ અંગે ગાફલાઈ રહે ? રેડ સિગ્નલ વખતે રોડ ક્રોસ કરવામાં જ્યાં જ્યાં દંડ ભરવો પડતો હોય ત્યાં આપણે ઉતાવળ કરીએ ? દોડની સ્પર્ધામાં નંબર લેવા ઇચ્છતા વિદ્યાર્થીને દોડવામાં આળસ થાય ? નિશ્ચિત સમય બાદ વિદ્યાર્થીને સ્કૂલમાં પ્રવેશ જ ન મળતો હોય અથવા દંડ થતો હોય તો તે સમય ચૂકે ? સિંહ પાછળ પડ્યો ત્યારે દોડવામાં આળસ આવે ? – આ બધાં દૃષ્ટાંતોથી સારરૂપ એટલું સમજી લઈએ કે આળસ, ગાફલાઈ અને પ્રમાદરૂપ દોષોનાં મળનાર માઠાં પરિણામની બીકથી પણ આપણે આ મોટા સ્પીડબ્રેકરથી બચીશું, તો ખૂબ આગળ વધાશે.

### (૭) મૃત્યુ આવી જશે તો ? એવો વિચાર નથી :

શ્રીહરિએ વિવિધ વચનામૃતમાં અનેક વાર સ્વમુખે દેહની ક્ષણભંગુરતા કહી છે. જેમ કે, 'આ ઘડી ને આ જ પળમાં મરવું છે, અમારી કોરનું ને બીજાની કોરનું સદા અંતઅવસ્થા જેવું વર્તે છે.' વગેરે... આ અનુસંધાન અને વિચારનો ફાયદો બહુ જ મોટો છે. પરીક્ષિત રાજાએ ૭ દિવસમાં પોતાનું મૃત્યુ થવાનું છે; એવું જાણ્યું કે તરત જ રાજ્યાદિકમાંથી વૃત્તિઓ સંકેલી મોક્ષ મેળવી લીધો હતો. જો મૃત્યુ એકદમ નજીક દેખાય તો આપણી સ્પીડ આપોઆપ વધી જાય. માનો કે આજનો દિવસ આપણા માટેનો છેલ્લો હોય તો હવે આપણે આજ્ઞા બહાર જઈએ ? કોઈના ઉપર ક્રોધ કરીએ ? પાપ કરીએ ? સમય કે સંબંધો બગાડીએ ? આવો મૃત્યુનો વિચાર નથી રહેતો એટલે જ આપણાથી ખોટું થાય છે, નહિ તો હંમેશાં આગળ જ વધતા જઈએ.

વહાલા ભક્તો ! અત્રે અહીં તો માત્ર દિશાસૂચક તરીકે થોડાક જ મુદ્દાઓ આપ્યા છે; પરંતુ આના આધારે આપણે પોતાનું ચેક કરી લેવું જોઈએ કે, હું કયા મુદ્દાએ અટક્યો છું ? મારી આધ્યાત્મિક પ્રગતિ રૂંધનાર પરિબળો કે દોષો કયા છે ? કયા અજ્ઞાનને લઈને મારામાં કેવા પ્રકારની ખોટ અને ગેરસમજણ રહી જાય છે ? આ બધો તપાસ કરીને એ ભૂલને જલ્દીથી સુધારી લેવી જોઈએ. કેમ જે, આપણી પ્રગતિ બંધ થઈ જાય ને સ્થગીતતા આવી જાય એ પણ પ્રભુ પામવાના માર્ગમાં મોટી જબરી ખોટ છે.



# મજબૂત મન

લેખક : સાધુ મૂર્તિસ્વરૂપદાસ
ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

વડોદરા સ્થિત એક પ્રતિષ્ઠિત ફાર્માસ્યુટિકલ કંપનીમાં છેલ્લા આઠ વર્ષથી મિતુલ એન્જિનિયર તરીકે કાર્યરત છે. મિતુલની કંપનીમાં સલામતીને હંમેશાં અગ્રિમ સ્થાન આપવામાં આવે છે. "Safety First, Quality Must" એ કંપનીની ટેગ લાઇન છે; જે નિયમિત સલામતી, તાલીમ, સાધનોની કડક ચકાસણી અને દરેક કાર્ય માટે નિર્ધારિત પ્રમાણિત પ્રક્રિયાઓ દ્વારા અમારી કાર્ય સંસ્કૃતિમાં ઊંડે સુધી વણાયેલું છે. તેમ છતાં, કેટલીકવાર ક્ષણિક બેદરકારી પણ ગંભીર પરિણામો લાવી શકે છે. મિતુલ એક એવી ઘટના વર્ણવવા માંગે છે, જે કાર્યસ્થળે સલામતીના મહત્ત્વ વિશે વધુ ઊંડાણપૂર્વક વિચારવા મજબૂર કરે છે.

થોડા મહિના પહેલાં અમારી ટીમ એક નવા પ્રોજેક્ટ પર કામ કરી રહી હતી. જેમાં એક જૂના મશીનમાં નાનો ફેરફાર કરવાનો હતો. આ કાર્ય માટે મારે મારા એક જુનિયર સહકર્મી મિતેશની મદદની જરૂર હતી. મિતેશ એક તેજસ્વી અને ઝડપથી શીખનારો યુવાન છે, પરંતુ ક્યારેક તે ઉતાવળમાં નાની બાબતોને અવગણે છે.

એક દિવસ બપોરે અમે મશીનના કંટ્રોલ પેનલમાં એક નાનું વાયરિંગ બદલી રહ્યા હતા. મેં મિતેશને મુખ્ય પાવર સપ્લાય બંધ કરવા સૂચના આપી. મિતેશે ઉતાવળમાં કંટ્રોલ પેનલ ખોલ્યું અને લીલા રંગનું એક બટન જોયું; જે સામાન્ય રીતે મશીનને સ્ટેન્ડબાય મોડમાં મૂકવા માટે વપરાય છે. તેણે વિચાર્યું કે આ જ મુખ્ય સ્વીચ હશે અને તેને દબાવી દીધું.

મેં ફરીથી ખાતરી કરવા પૂછ્યું કે તેણે મુખ્ય પાવર બંધ કર્યો છે કે નહીં ? તેણે હા પાડી. પરંતુ વાસ્તવમાં તેણે માત્ર મશીનને સ્ટેન્ડબાય મોડમાં મૂક્યું હતું, મુખ્ય પાવર સપ્લાય હજી ચાલુ હતો. મને થોડી શંકા ગઈ, તેથી મેં જાતે તપાસવાનું નક્કી કર્યું.

જેવો જ હું કંટ્રોલ પેનલની નજીક ગયો અને મલ્ટિમીટરથી વોલ્ટેજ તપાસવાનો પ્રયાસ કર્યો, ત્યાં એક નાનો તણખો થયો અને મને હળવો વિદ્યુત આંચકો લાગ્યો. સદ્‌નસીબે મેં ત્વરિત પ્રતિક્રિયા આપી અને મારો હાથ પાછો ખેંચી લીધો, જેના કારણે એક મોટી દુર્ઘટના ટળી ગઈ. પરંતુ તે ક્ષણ માટે હું ભયથી સ્તબ્ધ થઈ ગયો હતો.

અમે તાત્કાલિક મુખ્ય પાવર સપ્લાય બંધ કર્યો અને તપાસ કરતાં જાણવા મળ્યું કે મિતેશે ઉતાવળમાં ખોટું બટન દબાવ્યું હતું. એક નાની ક્લિક, એક નાની ભૂલ અને તેનું પરિણામ કેટલું ભયાનક હોઈ શકે છે તે વિચારીને આજે પણ હું ધ્રૂજી જાઉં છું.

આ ઘટના બાદ કંપનીના નિયમો અનુસાર એક તાત્કાલિક સલામતી બેઠક બોલાવવામાં આવી. જેમાં "Near miss" નામનું એક ફોર્મ ભરીને તેમાં સંકળાયેલા તમામ સભ્યોની સહી લેવામાં આવી. ત્યારબાદ એ ફોર્મ અમારી કંપનીના મુખ્ય હેડ ક્વાર્ટરમાં મોકલ્યું. જેના પર અમારી કંપનીના મુખ્ય હેડ ઓફ ડીપાર્ટમેન્ટના અધિકારીની સહી લેવામાં આવી. ત્યારબાદ એ જ ફોર્મને સેફ્ટી હેડ પાસે મોકલ્યું. સેફ્ટી હેડે આ ભૂલ ફરીથી ન થાય એ માટે આ ઘટનાને આખા વર્લ્ડ લેવલે કંપનીના તમામ કર્મચારીઓને "એક નાની ક્લિક પણ મોટી ચિંતાનું કારણ બની શકે છે" નામનો Lesson learn રિપોર્ટ ઈમેઈલ કર્યો. આ રીતે તેમને સમગ્ર કંપનીમાં પ્રકાશિત કરીને જાગૃતિ ફેલાવી.




આ ઘટનાને એક ઉદાહરણ તરીકે રજૂ કરવામાં આવી અને દરેક કર્મચારીને નાનીમાં નાની કામગીરી દરમિયાન પણ સલામતીના નિયમોનું સખતપણે પાલન કરવા માટે ભાર મૂકવામાં આવ્યો. મિતેશને પણ તેની ભૂલનો અહેસાસ થયો અને તેણે ભવિષ્યમાં વધુ સાવચેત રહેવાની ખાતરી આપી. **કાર્યસ્થળે સલામતીની કિંમત ખરેખર અમૂલ્ય છે.** એક નાની ભૂલ કે જેનાથી હજુ કંઈ નુકશાન પણ થયું ન હોવા છતાં કંપનીના નિયમ અનુસાર આટલી મોટી પ્રોસેસ કરવામાં આવી. આ ઘટનાએ દરેકને યાદ કરાવી દીધું કે સલામતી એ માત્ર એક નિયમ પુસ્તિકા નથી, પરંતુ તે આપણી રોજિંદી કાર્ય પ્રણાલીનો એક અભિન્ન ભાગ હોવો જોઈએ. આપણા જીવનમાં સલામતીની એક ક્લિક અને દરેક પગલું સલામતીને ખાતરી આપતું હોય એવું હોવું જોઈએ.

વહાલા ભક્તો ! આપણાથી કાંઈક નાની ભૂલ થઈ હોય અને તે મોટા પાસે જાય ત્યારે આપણને મનમાં થાય કે મારી નાની ભૂલને મોટી કરી નાખી અને મોટાને કહી દીધી. આ ક્યાં એવી ભૂલ હતી કે મોટાને કહેવાની જરૂર પડે ? આ મારા મિત્રને સારો માનતો હતો, પણ તે જ ખરાબ નીકળ્યો. હવે તેની સાથે પ્રસંગ જ ન પડાય. આપણું હરામી મન આપણને આવું ઉલ્લું રમાડે છે.

જો ખરેખર સવળો વિચાર કરવામાં આવે કે, મોટી મોટી કંપનીમાં પણ આવી જ પ્રોસેસ હોય છે. નાની ભૂલને જો સિરિઅસ લેવામાં આવે તો મોટી ભૂલ થાય જ નહીં. મોટા ખરેખર આવા હેતુથી જ આપણી નાની ભૂલને મોટી કરી આપણને મોટા કરતા હોય છે, નહિ કે નાના. તો આજથી એવું નક્કી કરીએ કે ભૂલ થાય જ નહિ. તેમ છતાં **જો ભૂલ થાય અને મોટાને ખબર પડે તો તેમાં રાજી થવું કે, મારાં મોટાં ભાગ્ય કે હવે મારે મોટી ભૂલ નહિ થાય.**

મન હોય છે સહુ પાસે, પણ મનોબળ નહિ જ્ઞાન;
જગમાં કોઈક જ હોય છે, મનના બળિયા મહાન.

ખરેખર આપણા મનને મજબૂત બનાવવાની જરૂર છે. માનને લઈને મન મજબૂત રહ્યું નથી. તો આ વાર્તાને યાદ રાખી મનને મજબૂત રાખીએ.

# શ્રધ્ધાંજલી

## ● અક્ષરવાસ : અ.નિ.પ.પૂ.સદ્.કો.શ્રીનારાયણપ્રસાદદાસજી સ્વામી-ગઢપુર (ડાકોર)





શ્રીસ્વામિનારાયણ મંદિર, ગઢપુર (ડાકોર)ના વયોવૃદ્ધ સંત અ.નિ.પ.પૂ.સદ્.કો.શ્રીનારાયણપ્રસાદદાસજી સ્વામી; ગુરુ પ.પૂ.સદ્.પુ.શ્રીહરિકૃષ્ણદાસજી સ્વામી તા.૨૧/૦૪/૨૦૨૫ના રોજ ૮૭ વર્ષની ઉંમરે હરિસ્મરણ કરતાં થકાં અક્ષરનિવાસી થયા છે. જેઓ ગઢપુર શ્રીગોપીનાથજી મહારાજના મંદિરના વર્તમાન સલાહકાર પ.પૂ.સદ્. શ્રીભાનુપ્રકાશદાસજી સ્વામીના ગુરુ તથા ચેરમેન પ.પૂ.શ્રીહરિજીવનદાસજી સ્વામીના દાદાગુરુ હતા. તેઓશ્રીનો જન્મ રાજુલા તાલુકાના સાંજણાવાવ ગામના સોડવડિયા કુટુંબમાં થયો હતો. બાળપણથી જ તેઓમાં મુમુક્ષુતા નીતરતી દેખાતી હતી. ગામમાં કોઈ સાધુ-સંત આવે તો દોડીને તેઓની સેવામાં જતા રહેતા. તેવામાં ગઢપુરના મહાન સતં પ.પૂ.સદ્.પુ.શ્રીહરિકૃષ્ણદાસજી સ્વામી સત્સંગ વિચરણ કરતાં સાંજણાવાવ ગામે પધારેલા. તે દરમ્યાન પૂ.નારાયણપ્રસાદદાસજી સ્વામી સેવા-સંતસમાગમ કરવા આવેલ. પૂ.પુરાણી સ્વામીએ તેમની મુમુક્ષુતા જોઈ ભગવાનની કંઠી બાંધીને વર્તમાન ધરાવ્યા.

પછી સં.૨૦૦૮ની સાલમાં તેઓ ગઢપુરપતિ શ્રીગોપીનાથજી મહારાજ અને ગુરુની સેવા માટે ગઢપુર પધાર્યા. ત્યારબાદ સં.૨૦૧૦માં આચાર્ય શ્રીઆનંદપ્રસાદજી મહારાજ પાસેથી ભાગવતી દીક્ષા લીધી હતી. તેઓશ્રીના ગુરુ કોઠારી હતા, પણ ભગવાનના ભોળા સાધુ હતા. તેથી વ્યવહાર પૂ.નારાયણપ્રસાદદાસજી સ્વામીને કરવાનો થતો; તેમ છતાં જો કોઈ નાના-મોટા સંત બીમાર હોય તો પૂ.સ્વામી એમની સેવામાં દવાખાને જતા રહેતા. વળી, પૂ.સ્વામીએ દુષ્કાળમાં પાણી વ્યવસ્થા, મંદિરમાં ઉતારાઓ જેવી અનેક સેવા ખૂબ જ નિષ્ઠાપૂર્વક કરી હતી. તેમજ તેઓએ દાતરડી, રાભડા, ઝમરાળા, વીંછિયા, જામ આંબરડી, ધુણાદરા ગામોમાં શ્રીગોપીનાથજી મહારાજનાં તાબાનાં નૂતન મંદિરો બંધાવ્યાં હતાં.

આવા અ.નિ.પ.પૂ.સદ્.કો.શ્રીનારાયણપ્રસાદદાસજી સ્વામીની અંતિમવિધિમાં પૂ.ગુરુજી સંતો સાથે ગઢપુર પધાર્યા હતા, ત્યાં સભામાં શ્રદ્ધાસુમન અર્પણ કરતાં પૂ.ગુરુજીએ કહ્યું હતું કે, પૂ.કો.શ્રીનારાયણપ્રસાદદાસજી સ્વામીએ ગઢપુરધામની સેવા, સંવર્ધન અને સંરક્ષણનું કાર્ય બહુ હિંમતપૂર્વક વર્ષો સુધી કર્યું. તેમના વરદહસ્તે સંપ્રદાયના વિકાસનાં ઘણાં કાર્યો થયાં. પૂ.સ્વામી ઓફિસમાં બેઠા બેઠા પણ આખો દિવસ સ્વામિનારાયણ સ્વામિનારાયણ કરીને માળા ફેરવતા. છેલ્લી ઉંમરમાં તો આખો દિવસ કથા સાંભળતા, ખૂબ જ ભજન કરતા. આવી રીતે શ્રીગોપીનાથજી મહારાજ અને આખાય સંપ્રદાયનો રાજીપો મેળવી ધીરેધીરે બધી વૃત્તિ સંકેલી ભગવાન શ્રીહરિના સ્વરૂપમાં જોડાઈ જઈને ભૌતિક દેહનો ત્યાગ કર્યો અને અક્ષરધામના મુક્ત બની ગયા. શ્રીજીમહારાજ પ.પૂ.સદ્.કો.શ્રીનારાયણપ્રસાદદાસજી સ્વામીને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તેવી પ્રાર્થના...

## ● અક્ષરવાસ : અ.નિ.પ.ભ.શ્રીજગદીશભાઈ મોતીભાઈ પટેલ-વડોદરા



મૂળગામ કારેલા, તા.ભરૂચ અને હાલ વડોદરામાં નિવાસ કરીને રહેતા પ.ભ.શ્રીજગદીશભાઈ મોતીભાઈ પટેલ તા.૨૧/૦૪/૨૦૨૫ના રોજ ૭૫ વર્ષની ઉંમરે પ્રભુનું સ્મરણ કરતાં કરતાં અક્ષરવાસી થયા છે. જગદીશભાઈ ૨૦ વર્ષથી શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરામાં સમર્પિત થઈને સેવા કરતા હતા. તેઓ મંદિરમાં રસોડા વિભાગમાં, એકાઉન્ટમાં, ખરીદી અને પાર્સલ વિભાગમાં ખૂબ સારી અને નિયમિતતા વાળી સેવા કરતા હતા. વળી, તેમને વચનામૃત અને કીર્તન-ભક્તિનું સારું અંગ હતું. તેમને ૫ વર્ષ પહેલાં બ્લડ કેન્સરનું નિદાન થયું હતું, પણ તેમને પ્રગટ ભગવાન અને પ્રગટ સંતો-ભક્તોનું ખૂબ બળ અને અવલંબન હોવાથી તેમનામાં નિષ્ઠાની ખુમારી અને કેફ જોવા મળતાં હતાં. છેલ્લે તેઓ જીવતું જગતિયું કરાવવા કુંડળધામ આવ્યા હતા. તેમનો આખો પરિવાર સત્સંગી છે. આવા જગદીશભાઈના આત્માને મહારાજ અક્ષરધામમાં પોતાની મૂર્તિનું મહાસુખ અખંડ આપે તથા પરિવારજનોને તેમના જેવા સદ્‌ગુણો શીખવાનું બળ આપે એ જ પ્રાર્થના.

## ● અક્ષરવાસ : અ.નિ.પ.ભ.શ્રીઅરૂણભાઈ કાંતિભાઈ રાજ-વડોદરા



વડોદરામાં નિવાસ કરીને રહેતા પ.ભ.શ્રીઅરૂણભાઈ કાંતિભાઈ રાજ તા.૨૧/૦૪/૨૦૨૫ના રોજ ૬૫ વર્ષની ઉંમરે પ્રભુ સ્મરણ કરતાં થકાં અક્ષરવાસી થયા છે. તેઓ GEBમાં પ્રામાણિકતાથી નોકરી કરતા હતા અને સમય મળે ત્યારે શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરામાં ખૂબ સારી સેવા કરતા. તેમને ભજન-ભક્તિનું અંગ સારું હતું. તેઓ બીમાર હતા ત્યારે પૂ.ગુરુજી મહારાજ અને સંતોને સાથે લઈ તેમની ખબર કાઢવા માટે ગયા હતા. તેમનો આખો પરિવાર સત્સંગી છે. અરુણભાઈના આત્માને મહારાજ ધામમાં પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા તેમના પરિવારજનોને તેમના જેવા સદ્‌ગુણો શીખવાનું બળ આપે એ જ પ્રાર્થના.

## ● અક્ષરવાસ : અ.નિ.પ.ભ.શ્રીહિંમતભાઈ ગોકળભાઈ વેકરિયા-દેતડ



મૂળગામ દેતડમાં નિવાસ કરીને રહેતા પ.ભ.શ્રીહિંમતભાઈ ગોકળભાઈ વેકરિયા તા.૧૦/૦૪/૨૦૨૫ના રોજ ૬૨ વર્ષની ઉંમરે પ્રભુ સ્મરણ કરતાં થકાં અક્ષરવાસી થયા છે. તેમને ધૂન-કીર્તનનું અંગ સારું હતું. દેતડમાં શ્રીસ્વામિનારાયણ મંદિર બંધાતું હતું ત્યારે તેમણે મંદિરના કડિયાને ઘણા ટાઈમ સુધી જમાડેલા, દીવાલને પાણી છાંટવા જેવી બાંધકામમાં ઘણી સેવા કરી હતી. વળી, જળઝીલણી એકાદશી જેવા ઉત્સવના દિવસે તેઓ કેડે તબલા બાંધી ધૂનની રમઝટ બોલાવતા. તેમનો આખો પરિવાર સત્સંગી છે. આવા હિંમતભાઈના આત્માને મહારાજ ધામમાં પોતાની મૂર્તિનું મહાસુખ આપે એ જ પ્રાર્થના.

## ● અક્ષરવાસ : અ.નિ.પ.ભ.શ્રીભાઈચંદભાઈ ચતુરભાઈ પટેલ-વડોદરા



મૂળગામ મરતોલી, જિ.મહેસાણા અને વર્ષોથી વડોદરામાં રહેતા પ.ભ.શ્રીભાઈચંદભાઈ ચતુરભાઈ પટેલ તા.૧૧/૦૪/૨૦૨૫ના રોજ ૮૮ વર્ષની ઉંમરે પ્રભુ સ્મરણ કરતાં થકાં અક્ષરવાસી થયા છે. તેઓ આપણા આત્મીયસભ્ય રાજેન્દ્રભાઈ સુભાનપુરાના પિતા અને સાત્ત્વિકભાઈના દાદા હતા. ભાઈચંદદાદાને સ્મરણની ખૂબ સારી ટેવ હતી. વળી, વાંચનનું એટલું સારું અંગ હતું કે હરિસ્મૃતિના ૧૦૦૦ કરતાં વધારે પાઠ કર્યા અને વચનામૃતના ૧૩૦ પાઠ કર્યા હતા. આમ, આખો દિવસ વાંચન કરીને કે સ્મરણ કરીને ભગવાનમય વિતાવતા હતા. તેમણે જીવ્યા ત્યાં સુધી ભજન કર્યું, તેમને બીજું કોઈ તાન કે વાસના નહોતી. તેઓ દરરોજ સવારની કથા તેમજ રવિસભા સાંભળતા અને ચેષ્ટા જોતા. તેમનો આખો પરિવાર નિષ્ઠા રાખી સત્સંગની ખૂબ સારી સેવા કરે છે, ભજન-ભક્તિ કરે છે. આવા ભાઈચંદદાદાના આત્માને શ્રીજીમહારાજ ધામમાં પોતાની મૂર્તિનો આનંદ આપે તથા પરિવારજનોને તેમના જેવા સદ્‌ગુણો કેળવવાની કૃપા કરે એ જ પ્રાર્થના.

# સત્સંગ સમાચાર

## ● ચૈત્રી સમૈયો-વડતાલધામ









શ્રીશિક્ષાપત્રી લેખન એવં આચાર્ય સ્થાપન દ્વિશતાબ્દિ મહોત્સવના ઉપક્રમે શ્રીસ્વામિનારાયણ મંદિર, વડતાલધામમાં તા.૦૬/૦૪/૨૦૨૫ રવિવારથી તા.૧૨/૦૪/૨૦૨૫ ને શનિવાર સુધી ચૈત્રી સમૈયાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. સાથેસાથે શ્રીહરિનો ૨૪૪મો પ્રાગટ્યોત્સવ પણ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો.


આ સમૈયામાં 'શ્રીહરિસ્મૃતિ કથા'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેના વક્તાપદે પ.પૂ.શા. શ્રીપ્રિયદર્શનદાસજી સ્વામી-પીજએ બિરાજી સવાર-સાંજ 'શ્રીહરિસ્મૃતિ' ગ્રંથના માધ્યમે કથા-વાર્તાનો અનેરો લાભ આપી સૌ સંતો-ભક્તોને હરિવરમાં હેતાળા કર્યા હતા. પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્ય શ્રીરાકેશપ્રસાદજી મહારાજ, પ.પૂ.શા.ડો.શ્રીસંતવલ્લભદાસજીસ્વામી-ચેરમેનશ્રી વડતાલધામ, પ.પૂ.શ્રીદેવપ્રકાશદાસજી સ્વામી-મુખ્ય કોઠારીશ્રી વડતાલધામ તથા અનેક મહાનુભાવ સંતોની ઉપસ્થિતિમાં દીપપ્રાગટ્ય અને મંગલ ઉદ્‌બોધન દ્વારા કથાનો મંગલ પ્રારંભ થયો હતો.

શ્રીહરિના પ્રાગટ્ય દિને પ.પૂ.આચાર્ય મહારાજશ્રી તથા પૂ.લાલજી મહારાજના વરદહસ્તે દેવોનો અભિષેક કરવામાં આવ્યો હતો. તેમજ દેવોને અન્નકૂટ પણ ધરાવવામાં આવ્યો હતો. જેના દર્શનનો લ્હાવો લઈ સૌ સંતો-ભક્તો ધન્ય બન્યા હતા. આ ચૈત્રી સમૈયામાં એકાદશીના દિવસે પ.પૂ.આચાર્ય મહારાજશ્રીએ ૫ મુમુક્ષુઓને ભાગવતી મહાદીક્ષા આપી હતી. આ સમૈયા દરમ્યાન મારુતિ યજ્ઞ, કીર્તન રાસ-સંધ્યા, ધ્વજારોહણ, અન્નકૂટ, બાળસભા-યુવાસભા જેવા વિશિષ્ટ આયોજન પણ કરવામાં આવ્યાં હતાં.

આ સમૈયા દરમ્યાન ધામોધામથી અનેક મહાનુભાવ સંતોએ પધારી દર્શન-આશીર્વચનનો લાભ આપ્યો હતો. તેમજ પ.પૂ.આચાર્ય મહારાજશ્રીએ પણ અવારનવાર પધારી ઉપસ્થિત સૌ સંતો-ભક્તો અને યજમાનશ્રીઓને આશીર્વાદ આપ્યા હતા.

આ સમગ્ર સમૈયાના યજમાનપદની સેવાનો લાભ અ.નિ.કાંતાબહેન માધવલાલ સોની તથા અ.નિ.ગુણવંતલાલ માધવલાલ સોનીના સ્મરણાર્થે હ.ગં.સ્વ.સરોજબહેન ગુણવંતલાલ સોની તથા અમિતકુમાર ગુણવંતલાલ સોની-શિવરાજપુર પરિવારે તથા સહયજમાનપદની સેવાનો લાભ પ.ભ.શ્રીઅશોકભાઈ રમણભાઈ પટેલ હ.ઈલેશભાઈ-કંજરીએ લીધો હતો.

## ● ૨૪૪મો શ્રીઘનશ્યામ જન્મોત્સવ એવં રવિસભા, કારેલીબાગ-વડોદરા અને કુંડળધામ




શ્રીસ્વા.મંદિર કારેલીબાગમાં અખંડધૂન



શ્રીરામચંદ્ર ભગવાનની આરતી






શ્રીસ્વામિનારાયણ મંદિર કારેલીબાગ કથા-હોલમાં શ્રીઘનશ્યામ જન્મોત્સવ

વિ.સં.૨૦૮૧, ચૈત્ર સુદ-૯, રવિવાર તા.૦૬/૦૪/૨૦૨૫ના રોજ શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરા અને કુંડળધામ એમ બંને સ્થાનોમાં ૨૪૪મા શ્રીઘનશ્યામ જન્મોત્સવની દબદબાભેર ઉજવણી કરવામાં આવી હતી. સૌ સંતો-ભક્તો આ પ્રાગટ્ય દિને ભજન-વ્રત પરાયણ રહી ભક્તિના પૂરમાં તરબોળ થયા હતા. વળી, પૂ.ગુરુજીની પ્રેરણાથી સમગ્ર દિવસ દરમ્યાન અખંડધૂનનું આયોજન કરવામાં આવ્યું હતું. સવારે પૂ.દયાળુ સ્વામીએ મોર્નિંગ કથાનો લાભ આપ્યા બાદ પૂ.મુનિબાપાએ અખંડધૂનનો પ્રારંભ કરાવ્યો હતો.

આજરોજ બપોરે ૧૨:૦૦ કલાકે શ્રીરામચંદ્ર પ્રભુજીના પ્રાગટ્ય નિમિત્તે બંને મંદિરમાં શ્રીરામચંદ્ર ભગવાનની અદ્‌ભુત આરતી અને દર્શનનો લાભ પણ મળ્યો હતો. વળી, સાંજે પૂ.ગુરુજીએ રવિસભામાં સદ્.શ્રીમુક્તાનંદ સ્વામીકૃત ‘ધીર ધૂરંધરા શૂર સાચા ખરા...’ પદવિવેચન દ્વારા સૌ સંતો-ભક્તોને પ્રભુ-પ્રેમમાં જોડ્યા હતા. ત્યારબાદ રાત્રે ૧૦:૧૦ કલાકે અખિલ બ્રહ્માંડ નાયક એવા શ્રીઘનશ્યામ બાળપ્રભુના પ્રાગટ્ય સમયે બંને મંદિરોની અલૌકિક આરતીના દર્શનનો સૌ સંતો-ભક્તોએ પ્રત્યક્ષ તેમજ ઝૂમ-નેટના માધ્યમે અનેરો લાભ લીધો હતો. ઉપરાંત કારેલીબાગ-વડોદરા અને કુંડળધામ મંદિરમાં વહાલાના વધામણાં કરવા બાળ-યુવાવૃંદે અલગ-અલગ વેશભૂષા ધારી સુંદર રાસ લઈ, મટકી ફોડી સૌને આનંદ આપી રાજી કર્યા હતા. તેમજ પૂ.ગુરુજીએ આશીર્વાદ આપી સૌને કૃતકૃત્ય કર્યા હતા. અંતમાં સહુ સંતો-ભક્તો હિંડોળામાં હીંચકતા બાળસ્વરૂપ શ્રીઘનશ્યામજીને ઝુલાવી, સૂકામેવાનો અને પંચાજીરીનો પ્રસાદ મેળવી ધન્ય બન્યા હતા.






શ્રીસ્વા.મંદિર કુંડળધામમાં સ્ટેજ કુટિરે શ્રીઘનશ્યામ જન્મોત્સવ

## ● સપ્તાહ પારાયણ એવં ધૂન આયોજન-કુંડળધામ














શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામમાં પ.પૂ.સદ્. શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી-કુંડળધામની પ્રેરણાથી ગામ માચિયાળાના પ.ભ.શ્રીધીરુભાઈ નાનજીભાઈ માલવિયા યજમાન પરિવારના પિતૃઓના મોક્ષાર્થે તા.૧૪/૦૪/૨૦૨૫ થી ૨૦/૦૪/૨૦૨૫ દરમ્યાન ‘સપ્તાહ પારાયણ અને ધૂન’નું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

તા.૧૪/૦૪/૨૫ના રોજ સવારની મંગળા આરતીનો લાભ લીધા બાદ કુંડળધામ નિજમંદિરમાં બિરાજમાન કુંડલાધિપતિ શ્રીસ્વામિનારાયણ ભગવાન, પૂ.ગુરુજીના સેવનીય સ્વરૂપ શ્રીહરિકૃષ્ણ મહારાજ, પોથી સ્વરૂપ શ્રીહરિજી મહારાજનું યજમાન પરિવાર દ્વારા પૂજન-આરતી થયા બાદ પૂ.ગુરુજી, પૂ.દયાળુ સ્વામી અને પૂજનીય સૌ સંતોનું પણ પૂજન કરવામાં આવ્યું. ત્યારબાદ વહાલા મહારાજને લઈ પૂ.ગુરુજી સાથે સૌ સંતો-ભક્તો પોથીયાત્રામાં બેન્ડવાજા સાથે જોડાયા હતા. નાચતાં -કૂદતાં, ઉત્સાહ અને ઉમંગમાં ધૂન-કીર્તનનો લાભ લેતાં લેતાં કથાસ્થળ ભજનહોલે પહોંચ્યા હતા. ત્યારબાદ પૂ.ભાવિલા સ્વામી અને યજમાન પ.ભ.ધીરુભાઈએ દીપપ્રાગટ્ય કરી પારાયણનો શુભારંભ કરાવ્યો હતો. આ શુભ પ્રસંગે પૂ.વહાલા સ્વામીએ મંગલ પ્રવચનનો લાભ આપ્યો હતો.

આ પારાયણ દરમ્યાન દરરોજ સવારે પૂ.ગુરુજીએ ‘શિક્ષાપત્રીભાષ્ય’ તથા દરરોજ સાંજે પૂ.દયાળુ સ્વામીએ સદ્. શ્રીદયાનંદ સ્વામીકૃત ‘શ્રીહરિચરિત્રચિંતામણિ’ ગ્રંથની કથાના માધ્યમથી આજ્ઞાપાલન, મહિમા, નિષ્ઠા, આશરો વગેરે ગુણોને દૃઢ કરી શ્રીહરિવરની મૂર્તિમાં હેત-પ્રેમ વધારવા ભગવાનનાં લીલાચરિત્રોનું સુમધુર સંગીતની સૂરાવલિઓના સથવારે રસપાન કરાવ્યું હતું. તથા પારાયણ દરમ્યાન સંહિતાપાઠના વક્તા પૂ.આનંદસ્વરૂપદાસજી સ્વામી અને પૂ.અનુવૃત્તિદાસજી સ્વામીએ શ્રીહરિચરિત્રચિંતામણિ અને ભક્તચિંતામણિ ગ્રંથનો સંપૂર્ણ પાઠ કર્યો હતો.

વળી, જોગનુજોગ દોઢેક વર્ષથી પૂ.દયાળુ સ્વામી જે ગ્રંથની કથા સંભળાવી રહ્યા છે, તે સદ્.શ્રીદયાનંદ સ્વામીકૃત ‘શ્રીહરિચરિત્રચિંતામણિ’ ગ્રંથની કથાની પૂર્ણાહુતિનો પ્રસંગ આ પારાયણમાં આવ્યો. તા.૨૩/૧૦/૨૩ના રોજ શરૂ થયેલ આ કથા તા.૨૦/૦૪/૨૫ના રોજ સંપન્ન થઈ. જેની ભવ્યતાથી ઉજવણી કરવામાં આવી હતી. એ પ્રસંગને બાળ-યુવાવૃંદ દ્વારા કથાગંગામાં આવેલ પ્રેરણાદાયી પ્રસંગોને સુંદર સંવાદોના માધ્યમે રજૂ કરાયા. જેનો પ્રત્યક્ષ અને નેટ-યુ ટ્યૂબના માધ્યમે હજારો ભક્તોએ માણીને અનેરો આનંદ લૂંટ્યો હતો.

આ ઉપરાંત તા.૨૦/૦૪/૨૫ ને રવિવારે પૂ.ગુરુજીએ સદ્.શ્રીમુક્તાનંદ સ્વામીકૃત ‘ધીર ધૂરંધરા શૂર સાચા ખરા...’ પદવિવેચનના માધ્યમે પ્રભુ પામવાના માર્ગે આગળ વધાય એવી બળભરી વાતો કરી રવિસભાનો અલૌકિક લાભ આપી કથાપારાયણની પૂર્ણાહુતિ કરી હતી. અંતમાં પૂ.ગુરુજીએ યજમાન પરિવાર અને ઉપસ્થિત સૌ સંતો-ભક્તોને રૂડા આશીર્વાદ આપી કૃતાર્થ કર્યા હતા.

આ સમગ્ર સપ્તાહ પારાયણના યજમાનપદનો લાભ પ.ભ.શ્રીધીરુભાઈ નાનજીભાઈ માલવિયા પરિવારે લીધો હતો.

## ● શ્રીસ્વામિનારાયણ છાશ પ્રસાદ કેન્દ્ર ઉદ્‌ઘાટન-કુંડળધામ






ઉનાળાની કાળઝાળ ગરમીમાં કુંડળધામમાં ભક્તોને તેમજ યાત્રાળુઓને ગરમીમાં ઠંડક મળે અને વધારે ભગવાનનું ભજન થાય; એવા શુભ આશયથી પૂ.ગુરુજી દર વર્ષે ‘શ્રીસ્વામિનારાયણ છાશ પ્રસાદ કેન્દ્ર’ શરૂ કરાવે છે.

આ વર્ષે પણ કુંડળધામમાં યોજાનાર સપ્તાહ પારાયણ અંતર્ગત પોથીયાત્રાના સુઅવસરે પૂ.ગુરુજી સંતો-ભક્તો સહિત વાજતે ગાજતે તા.૧૪/૦૪/૨૦૨૫ ને સોમવારના રોજ કુંડળધામમાં સર્વમંગલ કાર્યાલયની સામે ‘શ્રીસ્વામિનારાયણ છાશ પ્રસાદ કેન્દ્ર’ના ઉદ્‌ઘાટન માટે પધાર્યા હતા. પૂ.ગુરુજીએ પ.ભ.થોભણદાદા, પ.ભ.મહેશભાઈ-લેક્જેક્શન અને પ.ભ.ઘનશ્યામભાઈ જગાભાઈ ગાબાણીને સાથે રાખી વહાલા મહારાજનું પૂજન કરી, શ્રીફળ વધેરી છાશ કેન્દ્રનું અનાવરણ કર્યું હતું. જેનો હજારો દર્શનાર્થી યાત્રાળુ ભક્તો લાભ લઈ ધન્ય બની રહ્યા છે.

## ● દિવ્ય પંચદશાબ્દિ મહોત્સવ-શ્રીસ્વામિનારાયણ મંદિર, વેડરોડ-સુરત

શ્રીસ્વામિનારાયણ મંદિર, વેડરોડ-સુરતમાં બિરાજમાન લાડીલા શ્રીઘનશ્યામ મહારાજના ૧૫મા વાર્ષિક પાટોત્સવ પ્રસંગે પ.પૂ.સદ્.શ્રીપ્રભુચરણદાસજી સ્વામી(વેડરોડ-સુરત)ની પ્રેરણાથી તા.૨૩ થી ૩૦ એપ્રિલ, ૨૦૨૫ દરમ્યાન ‘દિવ્ય પંચદશાબ્દિ મહોત્સવ’નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ મહોત્સવ પ્રસંગે ‘શ્રીમદ્ ભાગવત કથા’નું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જેના વક્તાપદે પ.પૂ.સાધુ અચલસ્વરૂપદાસજી સ્વામીએ વ્યાસાસને બિરાજી સંગીતની સુરાવલીના સથવારે કલ્યાણકારી કથાનું રસપાન કરાવ્યું હતું.

આ અવસરે ધામોધામથી સંપ્રદાયના મૂર્ધન્ય સંતોએ પધારી વ્યાખ્યાનમાળા દ્વારા સત્સંગ કથા-વાર્તા અને દર્શન-આશીર્વચનનો લાભ આપ્યો હતો. જેમાં તા.૨૨/૦૪/૨૫ના રોજ પ.પૂ.સદ્.શ્રીનિત્યસ્વરૂપદાસજી સ્વામી-સરધારધામ એ પધારી ઘરસભાના માધ્યમે ઉપસ્થિત સૌ સંતો-ભક્તોને સત્સંગનો લાભ આપ્યો હતો. વળી, તા.૨૯/૦૪/૨૫ના રોજ પૂ.ગુરુજીએ પધારી વિશેષ કથાના રૂપમાં સૌ સંતો-ભક્તોને સદ્.શ્રીનિષ્કુળાનંદ સ્વામીકૃત ‘મારે મોહન સંગે મેળાપ...’ કીર્તન અંતર્ગત ‘જપું જીભાએ આઠું જામ, લાલચ લાગી છે’ કડીના માધ્યમે સાચા મુમુક્ષુ જીવને પ્રભુ સ્મરણની ખુમારી ચડી જાય, પ્રભુમાં સહેજે લાગી જવાય તેવાં સ્મરણ મહિમા અંતર્ગત વિવિધ ચરિત્રો અને દૃષ્ટાંતોને ટાંકીને ખૂબ સુંદર વાતો કરી હતી. વિશેષમાં તા.૨૫/૦૪/૨૫ના રોજ વડતાલ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્ય શ્રીરાકેશપ્રસાદજી મહારાજે પણ પધારી દર્શન-આશીર્વચનનો લાભ આપ્યો હતો.

આ મહોત્સવ અંતર્ગત પોથીયાત્રા,અખંડ ધૂન, હાસ્ય દરબાર, મહિલામંચ, રાજોપચાર યાત્રા, સમૂહ મહાપૂજા જેવા વિવિધ કાર્યક્રમોનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

આ સમગ્ર મહોત્સવના મુખ્ય યજમાનપદનો લાભ પ.ભ.શ્રીભુપતભાઈ ભીમજીભાઈ બલર પરિવારે લીધો હતો.





# પવિત્ર ગંગાજળ મહાકુંભ (પ્રયાગરાજ) ૨૦૨૫












શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરા આયોજિત

શ્રીઘનશ્યામ મહારાજના ૨૧ મા પાટોત્સવ પ્રસંગે...

## પંચદિનાત્મક સત્સંગ જ્ઞાનયજ્ઞ

કથાસમય : સવારે ૬:30 થી ૮:30 । બપોરે 3:30 થી ૭:00

**તા. ૧૪ થી ૧૮ મે, ૨૦૨૫**

સં.૨૦૮૧, વૈશાખ વદ-૨ થી વૈશાખ વદ-૬

Live on YouTube Channel SWAMINARAYAN

WWW.SWAMINARAYANBHAGWAN.ORG

સ્થળ : શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરા

વક્તા : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી-કુંડળધામ તથા સાધુ પૂ.શ્રીઈશ્વરચરણદાસજી સ્વામી-કુંડળધામ



બાલ-બાલિકા શિબિર-૩૭
કિશોર-કિશોરી શિબિર-૯
તા.૧૪ થી ૧૮ મે, ૨૦૨૫

યુવા-યુવતી શિબિર-૧૭
તા.૧૭ થી ૧૮ મે, ૨૦૨૫

પ્રૌઢ-પ્રૌઢા શિબિર-૭
તા.૧૪ થી ૧૮ મે, ૨૦૨૫